**આજનો સુવિચાર**

મુશ્કેલીઓ માત્ર નબળા મનની રચના છે, એટલે શ્રેષ્ઠ વિચારોથી પોતાનું મન શકિતશાળી બનાવો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૯૬ જૂનાગઢ તા.૧૦-૪-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ ૮ ટકા વધશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૦

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સારા સમાચાર આવી રહ્યા છે. કેન્દ્રસરકાર મોંઘવારી ભથ્થું વધારવા જઈ રહી છે, ત્યારબાદ કર્મચારીઓને મળતું ડીએ ૪૨ ટકાથી વધીને ૫૦ ટકા થઈ જશે. ભારત સરકારે કર્મચારીઓ માટે તાજેતરમાં ડી.એ. (મોંઘવારી ભથ્થુ) ૪ ટકા વધારીને ૪૨ ટકા કર્યું હતું. જેમાં હજુ પણ વધારો આવી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા પોતાના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ દર જાન્યુઆરી અને જુલાઈમાં વધારવા પાત્ર હોય છે. કેન્દ્રીય કર્મચારીઓ માટે હવે ડી.એ. ૩૮ ટકાથી વધારીને ૪૨ ટકા કરવામાં આવ્યું છે. હવે જુલાઈ ૨૦૨૩ કે ત્યારપછી વધારો આવવા પાત્ર છે. સામાન્ય રીતે ડી.એ. બેથી ચાર ટકા વધે છે. હવે સરકાર મોંઘવારી ભથ્થુ ૪૨ ટકાથી વધારીને ૫૦ ટકા સુધી કરે તેવા બિનસત્તાવાર વાવડ છે. જો કે સરકારી વર્તુળો એક સાથે ૮ ટકા વધારાની બાબતને સમર્થન આપતા નથી. કેન્દ્રના પગલે રાજ્યોમાં મોંઘવારી ભથ્થા વધતા હોય છે. ગુજરાત સરકારના કર્મચારીઓ માટે હાલ ૩૪ ટકા મોંઘવારી ભથ્થુ છે. તેમાં વધારો તોળાઈ રહ્યો છે. મોંઘવારી ભથ્થુ વધારાનો લાભ કર્મચારીઓ ઉપરાંત પેન્શનર્સને પણ મળે છે.

## દેશમાં કોરોનાનાં કેસોની વધતી સંખ્યાથી સરકાર એલર્ટ : આજથી બે દિવસ મોકડ્રીલ

### ત્રણ રાજયોમાં જાહેર સ્થળોએ માસ્ક ફરજીયાત

નવી દિલ્હી તા. ૧૦

દેશમાં ફરી કોરોનાના સતત વધી રહેલા કેસ તથા મૃત્યુની સંખ્યામાં આવેલા ઉછાળા બાદ હવે કોરોનાની નવી લહેરની આશંકા સામે કેન્દ્ર સરકાર તથા રાજ્યો એલર્ટ થઈ ગયા છે અને કોવિડના પ્રતિકાર માટે હોસ્પીટલ તૈયારીઓની સમીક્ષા કરવા આજે દેશભરમાં બે દિવસની મોકડ્રીલનો પ્રારંભ થયો છે. છેલ્લા ત્રણ દિવસમાં બે દિવસ કોરોનાના નવા પોઝીટીવ કેસ ૬૦૦૦થી વધુ નોંધાયા હતા જયારે રવિવારે



૫૫૩૭ કેસ નોંધાયા છે અને રાજયની દિલ્હીથી છેક કેરળ સુધી જે રીતે કોરોના કેસ વધ્યા તે ચિંતા છે. દેશમાં કેસ વધતા હવે હરિયાણા સહિત ત્રણ રાજયોએ તો જાહેર સ્થળો પર માસ્ક ફરજીયાત કરી દીધા છે.

કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાએ લોકોને ગભરાવવાની નહી પણ સતર્ક રહેવા સલાહ આપી છે તથા કેન્દ્ર અને રાજય સરકારો કોઈપણ સ્થિતિનો મુકાબલો કરવા પુરી રીતે તૈયાર હોવાની પણ ખાતરી આપી હતી. હરિયાણામાં સરકારે શાળા-કોલેજો તથા જાહેર સ્થળો પર માસ્ક ફરજીયાત કર્યા છે. પોંડીચેરીમાં પણ આ જ પ્રકારે પાબંદી લગાવાઈ છે તો ઉતરપ્રદેશમાં રાજય સરકારે ચીનના તમામ વિમાની મથકો પર વિદેશથી આવતા લોકો માટે આરટીપીસીઆર નેગેટીવ રીપોર્ટ ફરજીયાત કર્યા છે પણ ચિંતા એ છે કે આ સમયે ઓમીક્રોન નહી એકસબીબીના બે વેરીએન્ટ એક સાથે ફેલાઈ રહ્યા છે. છેલ્લા ૬ માસમાં ૭૧% લોકોમાં એકસબીબીનાં જ બે વેરીએન્ટ જોવા મળે છે.

## નિકાસનાં મામલે ગુજરાત દેશનું નં.૧ રાજય

(અમદાવાદ બ્યુરો) અમદાવાદ તા. ૧૦

કોરોનાકાળમાં ઉદ્યોગ-ધંધા પર નકારાત્મક અસર પડ્યા પછી પણ ગુજરાત ફરી દેશનું સૌથી મોટું નિકાસકાર બની ગયું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયમાંથી મળતી માહિતી પ્રમાણે, ૨૦૧૯માં એટલે કે કોરોના મહામારી પહેલાની તુલનામાં આ વર્ષે નિકાસ બમણી થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૯માં ૬૩,૪૪૮ મિલિયન ડૉલરની નિકાસ થઈ હતી, જ્યારે વર્ષ ૨૦૨૩ સુધી આ આંકડો વધીને ૧૨૩,૯૦૬ મિલિયન ડૉલરે પહોંચી ગયો છે.

ગુજરાતમાંથી વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩માં અનુક્રમે ૧૫૧.૯૬, ૧૪૯.૩૦ અને ૧૬૫.૬૦ મિલિયન મેટ્રિક ટન સામાન બીજા દેશોમાં મોકલાયો છે. દેશના સૌથી વધુ નિકાસ કરતા રાજ્યોમાં ગુજરાત પછી મહારાષ્ટ્ર છે. ત્યાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૯,૪૪૪ મિલિયન ડૉલરની નિકાસ થઈ હતી, જે ગુજરાત કરતા ૫૨ ટકા ઓછી છે. આ ઉપરાંત સમગ્ર દેશની નિકાસ ૭૦૨.૮૮ બિલિયન ડૉલર છે, જ્યારે આયાત ૮૧૭.૪૭ બીલીયન ડૉલર છે.

નેશનલ સેમ્પલ સરવે ઓફિસના તાજા આંકડા પ્રમાણે, ઉદ્યોગ ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પ્રતિ એક હજારે રોજગારી સર્જનનો આંકડો ૨૪૨ છે, જ્યારે ગુજરાતમાં આ આંકડો ૩૦૬ છે. સર્વિસ ક્ષેત્રે પણ પ્રતિ હજારે રોજગારીની સરેરાશ ૬૮૩ છે, જ્યારે ગુજરાતમાં આ આંકડો ૬૪૧ છે. બિઝનેસ પ્રોસેસ મેનેજમેન્ટ એટલે કે ગ્રાહકોને ધ્યાનમાં રાખીને ઉત્પાદન અને નવી-નવી પદ્ધતિઓ અમલી કરીને વેપારને પ્રોત્સાહન આપતી કંપનીઓના મામલામાં પણ ગુજરાત ઝડપથી આગળ વધી રહ્યું છે.

## જમશેદપુરમાં ફરીવાર હિંસા ફાટી નીકળી

જમશેદપુર (ઝારખંડ) તા. ૧૦

ઝારખંડમાં રામનવમીથી જ તોફાનીઓ સતત અશાંતિ ફેલાવવાના પ્રયાસો કરી રહ્યા છે. આ ક્રમમાં રવિવારે પણ જમશેદપુર શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સવારે તંગદિલી સર્જવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ પોલીસે લોકોને સમજાવીને મામલો થાળે પાડ્યો હતો. પરંતુ મોડી સાંજ સુધીમાં બંને પક્ષો વચ્ચેના વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું.

તોફાનીઓનાં બદઈરાદાની માહિતી મળતા જ પોલીસ-પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે બંને પક્ષોને સમજાવ્યા બાદ મામલો શાંત પડ્યો હતો. અહેવાલ છે કે એક બાજુના લોકો મીટિંગ કરી રહ્યા હતા જયારે બીજી બાજુથી પથ્થરમારાને કારણે પરિસ્થિતિ નિયંત્રણ બહાર ગઈ હતી. અને જમશેદપુરમાં મોડી સાંજે બંને પક્ષો તરફથી ભારે પથ્થરમારો થયો હતો. હિંસા અને આગચંપીમાં અનેક વાહનોને નુકસાન થયું હતું. અનેક દુકાનોને પણ આગ ચાંપવામાં આવી હતી. આ બાબતની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

## જમ્મુ-કાશ્મીર સરહદે આતંકવાદીઓનું જૂથ ભારતમાં ઘુસણખોરી કરવામાં સફળ રહયું હોવાના અહેવાલો

(દિલ્હી બ્યુરો) જમ્મુ,તા. ૧૦

ભારતીય સેનાએ પૂંચ વિસ્તારમાં એલઓસી પાર કરીને ઘૂસણખોરી કરનારા ત્રણ આતંકવાદીઓમાંથી એકને ઠાર માર્યો હતો જયારે અન્ય બેને આઠ કલાકના એન્કાઉન્ટર પછી જીવતા પકડવામાં આવ્યા હતા. કેટલા આતંકીઓ ઘુસણખોરી કરવામાં સફળ થયા છે તે અંગે મૌન સેવી લીધું છે.

સેનાના પ્રવક્તાએ દાવો કર્યો હતો કે આતંકવાદીઓનું એક મોટું જૂથ પૂંચમાં એલઓસી પાર કરવામાં સફળ થયું છે.

સૂત્રોએ જણાવ્યું કે આતંકવાદીઓએ શનિવાર અને રવિવારની વચ્ચેની રાત્રે એલઓસી પર શાહપુરની ફોરવર્ડ પોસ્ટની નજીક બેરિકેડ કાપી નાખ્યા હતા અને એક અથડામણમાં જયારે એલર્ટ પેટ્રોલિંગને અવગણવામાં આવ્યું હતું, ત્યારે એક આતંકવાદી ત્યાં માર્યો ગયો હતો જયારે બાકીના પ્રવેશવામાં સફળ થયા હતા. .

સૂત્રો કહે છે કે ત્રણેય પાકિસ્તાની નાગરિક છે. પરંતુ એ વાત ચોક્કસ હતી કે આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. કારણ એ છે કે, સેનાને શંકા છે કે માર્યા ગયેલા અને પકડાયેલા આતંકવાદીઓના અન્ય કેટલાક સાથીઓ હોઈ શકે છે જેઓ ભારતીય ક્ષેત્રમાં ઊંડા જંગલોમાં ગુમ થઈ ગયા છે. પ્રવક્તાએ કહ્યું કે માર્યા ગયેલા અને ઘાયલ હાલતમાં પકડાયેલા બંને આતંકવાદીઓના કબજામાંથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.

## કમોસમી વરસાદને કારણે નુકશાન થતા આ વખતે ઘઉંના ભાવ આસમાને પહોંચશે



નવી દિલ્હી તા. ૧૦ : કમોસમી વરસાદથી માર્કેટીંગ યાર્ડોમાં રવિ પાકના ધંધાને અસર થઈ રહી છે. પાકની ઉપજ ઓછી થવાની આશંકા ભલે હોય પણ તેના ભાવો ઘટી રહ્યા છે. સૌથી વધારે અસર ઘઉંના વેપારને થઈ રહી છે. કમોસમી વરસાદથી ઘઉંના દાણાની ચમક ફીકી પડી ગઈ છે જેના લીધે તેના ભાવો નીચે આવી રહ્યા છે. ચણા અને સરસવના પાક પર વરસાદની ખાસ અસર નથી થઈ પણ મોટા ભાગના યાર્ડોમાં તે એમએસપીથી નીચા ભાવે વેચાઈ રહ્યા છે. ગુણવત્તા બગાડવાના કારણે વેપારીઓને ઘઉં પર પ્રતિ કવીન્ટલ ૫ થી ૧૦ રૂપિયા ઓછા મળી રહ્યા છે. કમોસમી વરસાદથી રવિ પાકોને તો નુકસાન થયું જ છે, પણ ઓકટોબર - નવેમ્બરમાં થયેલ કમોસમી વરસાદે શેરડી, ડુંગળી, કપાસ જેવા રોકડીયા પાકને બહુ નુકસાન કર્યું હતું. તેની અસર હવે તેના ઉત્પાદન પર દેખાઈ રહી છે અને ઉપજ ઓછી થવાથી ભવિષ્યમાં એના વધારે પૈસા ગ્રાહકોએ ચુકવવાનો વધારો આવશે. તાજેતરના કમોસમી વરસાદથી ડુંગળીના ઉત્પાદનને ૩૦ ટકા જેટલી અસર થવાનો ભય છે. જથ્થાબંધ બજારોમાં તેના ભાવો વધીને ફરી ૧૨૦૦ રૂપિયા પ્રતિ કવીન્ટલ સુધી પહોંચી ગયા છે.

## ગુજરાતમાં આત્મહત્યાનાં ૭૫ ટકા કેસોમાં આર્થિક કારણો જવાબદાર

અમદાવાદ તા.૧૦

અમદાવાદમાં દર્શન સોલંકી નામના એક વ્યક્તિએ એક ઈમારતના સાતમા માળથી ઝંપલાવીને આત્મહત્યા કરી અને સ્થાનિક પોલીસે તેને આકસ્મીક મૃત્યુનો કેસ ગણીને ફાઈલબંધ કરી પણ એક માસ બાદ દર્શને લખેલી એકસ્યુસાઈડ નોટ આત્હમત્યા પુર્વે લખેલી ચીઠ્ઠીમાં નિષ્ફળ થયું કે તેની આ આત્મહત્યા પાછળ મુંબઈમાં આઈઆઈટીમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી જવાબદાર હતો અને તેની ધરપકડ થઈ. આમ આત્મહત્યા સમયે વ્યક્તિ જો તેની આખરી નોંધ લખે છે તેનાથી તેણે આ માટે આ અંતિમ પગલું લેવું પડ્યું છે

વાસ્તવમાં ગુજરાતમાં હવે વિદ્યાર્થીઓથી લઈ વયસ્કોની આત્મહત્યાની ઘટનાઓ વધી રહી છે. જેમાં મોટાભાગની આત્મહત્યા પાછળ નાણાકીય તંગી કે પછી તે નાણાની લેવડ-દેવડમાં ફસાઈ ગયો હોય તે જવાબદાર હોવાનું બહાર આવે છે. કોઈ વ્યક્તિ મરતા સમયે ખોટું બોલતો નથી તેવું એક સામાન્ય રીતે માનવામાં આવે છે અને તેથી સ્યુસાઈડ નોટના આધારે આત્મહત્યા માટે પ્રેરણા આપવા કે પછી આ પ્રકારના પગલા ભરી ધકેલવા પાછળ જવાબદારની સામે અનેક વખત કેસ પણ નોંધાય છે જેમાં એવું માનવામાં આવે છે કે મૃતકને ‘ન્યાય’ મળવો જોઈએ. હાલમાં જ ગુજરાત પોલીસના ફોરેન્સીક વિભાગે આ પ્રકારે ૨૦૦થી વધુ આત્મહત્યા નોંધનું વિશ્લેષણ કર્યુ હતું. જેમાં ૭૮ ટકા નોંધ લખનાર પુરુષો હતા

## અમેરીકાએ સ્ટુડન્ટસ અને ટુરીસ્ટ વીઝા ફીમાં વધારો ઝીંકયો

નવી દિલ્હી તા. ૧૦ : જો તમે અમેરિકામાં ભણવાના સપના જોઈ રહ્યા હો તો વીઝા માટે વધારે ફી ચૂકવવા માટે તૈયાર રહો. અમેરિકાએ સ્ટુડન્ટ વીઝા ફીમાં ૨૫ ડોલરનો વધારો કરી નાખ્યો છે. અમેરિકાના વિદેશ વિભાગે નોન-ઈમીગ્રન્ટ વીઝાની પ્રોસેસીંગ ફી વધારી દીધી છે. આ નવા દરો ૩૦ મે થી લાગુ થશે.

નવા દર અનુસાર બીઝનેસ અથવા પ્રવાસી (બી૧/બીર અને બીસીસી) માટે વીઝીટર વીઝા અને સ્ટુડન્ટ વીઝા જેવા નોન ઈમીગ્રન્ટ વીઝા તથા એકસચેન્જ વીઝીટર વીઝા માટે ૧૬૦ ડોલરના બદલે ૧૮૫ ડોલર ચૂકવવા પડશે. આ નિયમો લાગુ થયા પછી ભારતીય વિદ્યાર્થીઓએ અમેરિકન વીઝા માટે લગભગ ૧૫૧૪૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. અન્ય વીઝાની ફીમાં કોઈ પ્રકારનો ફેરફાર કરાયો નથી.

## મહારાષ્ટ્રમાં તોફાની પવન સાથે વરસાદ : મહાકાય ઝાડ તુટી પડતા ૭નાં મોત

અકોલા તા.૧૦ : ગુજરાત-મહારાષ્ટ્ર સહીત દેશના અનેક ભાગોમાં વાતાવરણમાં અસ્થિરતા વચ્ચે વારંવાર કમોસમી વરસાદ-માવઠા વરસી રહ્યા છે ત્યારે મહારાષ્ટ્રના આકોલામાં ભારે વરસાદ-પવનમાં તોતીંગ ઝાડ ધરાશાયી થતા સાત લોકોના મોત નિપજયા હતા અને ૪૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

આકોલાના પારસ ગામમાં એકાએક તોફાની પવન સાથે જોરદાર વરસાદ થયો હતો. ગામમાં ધાર્મિક સમારોહ હતો તે વખતે જ તોતીંગ વૃક્ષ જમીનદોસ્ત થઈને મંદિરના શેડ પર પડયુ હતું જેથી મંદિરનો શેડ ધસી ગયો હતો અને લોકો તેમાં દટાઈ ગયા હતા. બનાવની જાણ થતા તાબડતોડ રાહત-બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ સાત લોકોના મોત નિપજયા હતા.


કિડની, મૂત્રાશય અને પુરુષ રોગોના નિષ્ણાંત
ડો. નયન ટીંબડીયા આપના શહેરમાં
દર મહિનાના બીજા બુધવારે
તારીખ : ૧૨ એપ્રિલ ૨૦૨૩, બુધવાર
સ્થળ : આદિત્ય બિરલા હોસ્પિટલ, હનુમાન મંદિર પાસે, બજરંગ સોસાયટી, વેરાવળ.
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
સમય : બપોરે ૦૨:૩૦ થી ૦૩:૩૦
તપાસ ફી ₹600/-
એપોઈન્ટમેન્ટ માટે :
99797 93959 / 95120 15843
WOCKHARDT
LIFE WINS

લક્ઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે
અધતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરાભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.
મો.૭૫૭૫૮ ૦૬૫૮૫


ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ
By Air
27000 Day-6
35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી
ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ
35000 Day-8
નૈનિતાલ
કોર્બેટ-મસુરી-હરિદ્વાર
કાશ્મીર
શ્રીનગર-વૈ.દેવી
GOA
3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો
વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અધતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.
મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧
૮૨૦૦૬ ૯૫૦૩૩

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો







અમારા અન્ય પ્રીમીયમ એડીબલ ઓઈલ્સ : કપાસિયા • સનફલાવર • મકાઈ • સોયાબીન
www.ranioil.com | /rani oils
જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. મીરજલાલ ધનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036


C M Y K

# ચલાળા દાનબાપુની જગ્યા ખાતે ૧૬ એપ્રિલે મોતી મહોત્સવ યોજાશે







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૦

કાઠિયાવાડમાં કાઠી જ્ઞાતિની મોતીકળાનો એક સમયે જબરો પ્રચાર પ્રસાર હતો. પરંતુ જેમ જેમ સમય બદલાતો ગયો, મકાનો બદલાતા, ગ્યાસત્તાધિશો બદલાતા રહ્યા, માણસ ઈલેક્ટ્રોનિક ગેજેટમાં વધુ ગૂંચવાતો ગયો. આ બધા પરિબળોથી મોતીકળાને પણ અસર પહોંચી છે. તેને હિસાબે વસતિના પ્રમાણમાં મોતીકળાનું કાર્ય ઘટ્યું છે.

આથી તા.૧૬-૪-૨૦૨૩ના રોજ ચલાળા ખાતે અંશાવતારશ્રી પૂજ્ય દાનમહારાજની જગ્યામાં અનોખો ખાસ વિશિષ્ટ મોતી મહોત્સવ -૧ યોજવા જઈ રહ્યો છે. આ મોતી મહોત્સવમાં કાઠિયાવાડમાંથી મોતીકળામાં જે માહેર કાઠી ક્ષત્રિય બહેનો છે, એવા ૩૫ ચુનંદા સર્જક બહેનો ભાગ લેનાર છે. આ બહેનો વેળાવદર, સુડાવડ, ચાણપા, મેવાસા, થાનગઢ, ખંપાળા ખાટડી, દહીંથ્રા, રાજુલા, તુરખા, દેવરાજીયા, શેલણા, રાજકોટ, બોટાદ, છોટાઉદેપુર, ગોંડલ, વીરનગર, દેવગામ, મોટા આંકડિયા, ટીંબલા, લુંઘીયા, નાની ખોડીયાર, પીપળલગ, ભાડ વાંકિયા, ભુવા, ઉમરાળા, મોટા દડવા, બરવાળા ઘેલાશા, ચલાળા વગેરે ગામોમાંથી ઉપસ્થિત રહેનાર છે. મોતી મહોત્સવમાં અખિલ ભારતીય ક્ષત્રિય સમાજ તરફથી મહંતશ્રી પૂજ્ય વલકુબાપુના હસ્તે સર્જક બહેનોનું મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવશે. કારણ કે આ કલાવંતા, ગુણવંતા બહેનોએ મોતીકળા અને મૂરજાવા દીધી નથી. જેમનું એ અનન્ય પ્રદાન છે, જેની સમાજ અને પછીથી સરકાર જરૂર નોંધ લેશે. આ બહેનોએ પરંપરાગત હસ્તકલાને સાચવી રાખી છે, આ બહેનોએ એક થી એક ચડે એવા નમૂનાઓ બનાવી રહ્યા છે, તેમની આ કલા રાષ્ટ્રીય સ્તરે પહોંચે એ પ્રકારના પ્રયાસો આ મોતીકલા મહોત્સવથી આદરવામાં આવ્યા છે. ભવિષ્યમાં સમાજ અને સરકારનો સાથ લઈ મોટા આયોજનો વિચારી તમામ સર્જક બહેનોના કામ અને નામને બહાર લાવવાનો ઉમદા હેતુ રહેલો છે. મોતી મહોત્સવના આયોજક શ્રી એ મહોત્સવના ૨૦ ઉમદા ઉદ્દેશો જાહેર કરી તેમાં આ કલાની અગત્યતા અને શા માટે આ મહોત્સવ આપણે કરી રહ્યા છે, તેની વિગતો સ્પષ્ટ જાહેર કરી છે. તેથી તમામ જાતિ જ્ઞાતિમાં અઢારેય વર્ણમાં આ મહોત્સવઆકર્ષણનું કેન્દ્ર બનેલ છે.

# ઉનાના આગણે ભવ્ય ધ્વજાજી આરોહણ પર્વ



(પ્રતિનિધિ દ્વારા)

ઉનાતા.૧૦

ઉનાશહેરમાં શ્રી કિર્તીકુમાર વલ્લભદાસ છગ પરિવાર દ્વારા આયોજિત શ્રીનાથજી ધ્વજાજી આરોહણ પ્રસંગે નીકળેલી શોભાયાત્રામાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ પણ જોડાયા હતા અને દિવ્ય પ્રસંગે આનંદ ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો. ભવ્ય શોભા યાત્રા કિર્તીભાઈ છગના નિવાસ સ્થાનેથી નીકળી અને માધવબાગ વાડી ખાતે થઈ રૂદ્રાક્ષ પાર્ટી પ્લારેટ થઈ અને રૂદ્રાક્ષ સિનેમા થઈ અને નગરપાલિકાની નવી લાયબેરી ખાતે પૂર્ણ થયેલ હતી. જ્યાં શ્રીનાથજીની ધજાજીનું મંગલ પધરામણી કરવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ઉના શહેર તાલુકાના હજારો વૈષ્ણવો જોડાયા હતા. આ દિવ્ય અને ભવ્ય શોભાયાત્રાને નિહાળવા માટે શહેરીજનો ઉમટી પડ્યા હતા.

# ઉના : ગુરૂકુલના નિયામક નરેન્દ્રભાઈ ગોસ્વામીના પુસ્તકનું વિમોચન



(પ્રતિનિધિ દ્વારા)

ઉનાતા.૧૦

ઉનાના લેખક એવમ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે - એસ.એસ.ડી. આર્ટસ, કોમર્સ અને બી. એડ.કોલેજ - ગુરૂકુલનાના નિયામક નરેન્દ્રભાઈ ગોસ્વામીના પાંચમાં પુસ્તકનું વિમોચન તુલસીશ્યામના ટેકરીઓ મઢેલા નેસડાઓમાં ગીર પંથકના ગામો અનેનગરોના સૌના સન્માનનીય વિધાગુરૂ, ચિન્તક, લેખક અને કેળવણીકાર દેવુભાઈ પુરોહિતના હસ્તે સૌમાલધારીઓ વચ્ચે પ્રકૃતિના ખોળે થયું હતું. વિશિષ્ટતા તો એ હતી કે , નવલકથાનું એક પાત્ર - નેસની મોનાજ....માથે તાંબાના થાળમાં ફૂલો વચ્ચે પુસ્તક મૂકી ટેકરીઓ ઊતરી વિમોચન સ્થળે આવી હતી. વંદના કરી, પુસ્તકને દેવુભાઈના કરકમળમાં મૂકયું હતું. કથા જ ટેકરીઓ ઊતરતી ડો. વિશાખાની હતી ! માલધારીઓના પરિવેશ સમા જંગલની હતી. સમગ્ર વ્યવસ્થાપન ઊનાના કવિ-લેખક, અધ્યાપક ડી.કે. વાજાએ કર્યુ હતુ સાથે ઉનાના ભૂતપૂર્વ કે.ની. જે.એમ. સોલંકી હતા.

# જગત મંદિરના શિખર ઉપર દ્વારકાધીશજીના ફોટાવાળી ધ્વજાજી આરોહણ કરાઈ કાળિયા ઠાકોરને કુંડલાભોગ મનોરથ યોજાયો





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકાતા.૧૦

યાત્રાધામ દ્વારકા જગત મંદિરે રવિવારના દિવસે સીસારા પરીવાર દ્વારા ત્રીજા નંબરની દ્વારકાધીશજીના ફોટા વારી ધ્વજાજી જગત મંદિરે આરોહરણ કરવામાં આવી હતી. તે સુંદર ધ્વજાજી સાથેનો ફોટા ભાવિકોએ સેલ્ફી લિધા હતા.

રવિવારના સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે એક ભાવિક પરિવારના યજમાન પદે વારદાર પુજારીએ કુંડલાભોગ મનોરથ કાળિયા ઠાકોરને ધરાવવામાં આવ્યો હતો તે દર્શનો સંખ્યાબંધ ભાવિકોએ લાભ લીધો હતો.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : કેશોદ નિવાસી ભંડુરી વાળા નારણભાઈ જીવાભાઈ વાજા નિવૃત્ત કોર્ટ રજીસ્ટારનું તારીખ ૮-૪-૨૦૨૩ શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે. તેમનું બેસણું આજે જૂનાગઢ ખાતે તા. ૧૦-૪-૨૩ સોમવારે મનસુખભાઈ મણીભાઈ વાજાના નિવાસ સ્થાને આલ્ફા સ્કૂલ ૧ પાસે દીપ એપાર્ટમેન્ટ સામે ધર્મ ભક્તિ સાંજે ૫ થી ૬ રાખેલ છે. લી. મોહનભાઈ જીવાભાઈ વાજા રવજીભાઈ જીવાભાઈ વાજા, વેલજીભાઈ જીવાભાઈ વાજા. મનસુખભાઈ મણીભાઈ વાજા મો.૯૯૨૫૧ ૪૨૦૮૮, વિજયભાઈ બટુકભાઈ વાજા, બાબુલભાઈ બટુકભાઈ વાજા મો.૯૮૨૫૫ ૫૪૯૦૧, જગતભાઈ જેન્તીભાઈ વાજા મો.૭૯૮૪૬ ૦૦૪૯૯.


# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુનિયર ક્લાર્કની પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળિયા તા.૧૦

સમગ્ર રાજયમાં ભારે ઉત્તેજના સાથે મહત્વની બની રહેલી જુનિયર ક્લાર્કની પરીક્ષાઓ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ ગઈકાલે રવિવારે બપોરે યોજવામાં આવી હતી. જે સંપૂર્ણપણે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલા કુલ ૧૦,૧૪૦ વિદ્યાર્થીઓ પૈકી કુલ ૪,૧૫૬ વિદ્યાર્થીઓએ ગઈકાલે પરીક્ષા આપી હતી. આ પરીક્ષાના સુચારૂ આયોજન માટે અહીંના જિલ્લા વિકાસ અધિકારી ધાનાણી તેમજ ડેપ્યુટી ડી.ડી.ઓ. નીનામા દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પરીક્ષા માટે નજીકના પોરબંદર, રાજકોટ, મોરબી હળવદ સહિતના જિલ્લાઓ - તાલુકાઓમાંથી આવતા પરીક્ષાર્થીઓ માટે અહીંના એસટી તંત્ર દ્વારા બસની નવ ટ્રીપ ફાળવવામાં આવી હતી. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ ગેરરીતી ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ સહિત ૩ ડી.વાય.એસ.પી., ૪ પી.આઈ., ૭ પી.એસ.આઈ . તથા એ.એસ.આઈ. સહિત ૨૦૦ જેટલા જવાનો ફરજ ઉપર રહ્યા હતા. જુનિયર ક્લાર્કની આ પરીક્ષામાં આશરે ૪૧ ટકા જેટલા પરીક્ષાર્થીઓ સહભાગી થયા હતા અને કોઈ પણ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

# ખંભાળિયા માર્કેટિંગ યાર્ડમાં જીરૂનો ઐતિહાસિક ભાવ બોલાયો



(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૦

જીરૂના ભાવ આ વર્ષે ઐતિહાસિક સપાટી બતાવી રહ્યા છે. ત્યારે ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડમાં પણ એક ખેડૂતનું જીરૂ રૂા.૭,૮૦૦ના મણ લેખે વેચાયું હતું. કલ્યાણપુર તાલુકાના ચૂર ગામે રહેતા નારણ રણમલ ગોજીયા નામના ખેડૂત અહીંના માર્કેટિંગ યાર્ડમાં પોતાનું જીરૂ વેંચવા આવ્યા હતા. અહીંના યાર્ડમાં મયુર ટ્રેડિંગમાં થયેલી હરાજીમાં જીરૂનો ભાવ ઐતિહાસિક સ્તરે રૂપિયા ૭,૮૦૦ બોલાયો હતો. આમ, અહીંના ખેડૂતોને જીરૂના પાકનો સારો એવો ભાવ પ્રાપ્ત થતા ધરતીપુત્રો ખુશખુશાલ થયા છે.


# ભાણવડના મોડપર મુકામે ગુરૂવારે કોટેચા પરિવારનો હવન

(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળિયા તા.૧૦

ભાણવડ તાલુકાના મોડપર ગામે બિરાજતા રઘુવંશી જ્ઞાતિના કોટેચા પરિવારના પૂજ્ય વાછરા ડાડાના હવન કાર્યનું આયોજન આગામી ગુરૂવાર તારીખ ૧૩ એપ્રિલના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સમસ્ત કોટેચા પરિવારજનોને હવનમાં સહભાગી થવા મોડપર સેવા સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ આયોજન અંગે વધુ માહિતી માટે જયદીપભાઈ કોટેચાના મોબાઈલ નંબર ૭૨૮૫૦૨૪૩૮૪ પર સંપર્ક સાધવા વધુમાં જણાવાયું છે.

# પશ્ચિમ રેલ્વે વિભાગના મુવમેન્ટ ઈન્સ્પેકટર એમ.પી. પરમાર નિવૃત થયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૦

એમ.પી. પરમાર(મુવમેન્ટ ઈન્સ્પેકટર) ૪૧ વર્ષ અને ૪ મહિનાની લાંબી અને વિશિષ્ટ કારકિર્દી પૂરી કરીને ૩૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ પશ્ચિમ રેલવેમાંથી નિવૃત્ત થયા છે. તેમણે વર્ષ ૧૯૮૧માં ટ્રેન ક્લાર્ક તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી અને યાર્ડ માસ્ટર, મૂવમેન્ટ ઈન્સ્પેકટર અને ઈન્ટરચેન્જ સ્ટોક વેરિફાયર ઈન્સ્પેક્ટર જેવી વિવિધ જગ્યાઓ ઉપર કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. તેણે મુંબઈ સેન્ટ્રલ કોચિંગ યાર્ડ, મુંબઈ સેન્ટ્રલ કંટ્રોલ, ઈમરજન્સી કંટ્રોલ, સેન્ટ્રલ કંટ્રોલ ચર્ચગેટ, દાદર જંક્શન, BAMY યાર્ડ્સ (હવે બાંદ્રા ટર્મિનસ) અને ચર્ચગેટ હેડક્વાર્ટર ઓફિસ સહિત ઘણા સ્ટેશનો અને યાર્ડ્સ ઉપર કામ કર્યું છે. રેલ્વે ક્ષેત્રમાં તેમના બહોળા અનુભવ સાથે એમ.પી. પરમારે તેમની કારકિર્દી દરમ્યાન ભારતીય રેલ્વેમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુંછે. નિવૃત્તિ એ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ભારતીય રેલ્વે માટે તેમની લાંબા સમયથી સમર્પિત સેવા ખરેખર નોંધપાત્ર છે.

# દ્વારકધીશ જગત મંદિરના શિખર ઉપર ઈલેક્ટ્રીક ઉપકરણથી ધ્વજાજી ચડે તો ધ્વજાજીનું મહત્વ ઘટી જશે

## વર્ષોથી દ્વારકાધીશ જગતમંદિરના શિખર ઉપર ધ્વજાજી ચડાવતા ત્રિવેદી પરીવારના અબોટી બ્રામણોનો હક છીનવાઈ જશે



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકાતા.૧૦

જગ વિખ્યાત યાત્રાધામ દ્વારકાના જગત મંદિરના શિખર ઉપર છેલ્લા બે દાયકામાં દ્વારકાધીશજીની ધ્વજાજી ચડાવવાનું મનોરથીઓ દ્વારા દિવસે અને દિવસે મહત્વ વધુ જતું રહ્યુ છે. વર્ષોથી દ્વારકામાં રહેતા ત્રિવેદી પરીવારના અબોટી બ્રામણો દ્વારા જગત મંદિરના સાત મંજલા ઉપર સિડી ચડી શિખર ઉપર ધ્વજાઆરોહર કરવા જતા હોય છે. ત્યારે દ્વારકા જીલ્લામાં નવનિયુત કલેકટર અને દેવસ્થાન સમિતીના અધ્યક્ષ એવા અશોક શર્માએ દ્વારકા જગત મંદિરની મુલાકાત લિધી ત્યારે તેઓએ જગત મંદિરના શિખર ઉપર ઈલેકટ્રીક ઉપકરણથી ધવજાજી ચડાવવાની વિચારણાની ચર્ચાઓ કરી હતી. ત્યારે ત્રિવેદી પરીવારના અબોટી બ્રામણોનોને ધ્યાન આવતા રોષ વ્યાપ્યો છે.

ઈલેકટ્રીક ઉપકરણથી ધ્વજાજી ચડાવાઈ તો જગત મંદિર ઉપર ધ્વજાજી ચડાવવાનું મહત્વ ઘટી જશે તેવું બુધ્ધીજીવીઓ જણાવી રહ્યા છે. આજના દ્વારકાના અબોટી યુવાનો બાપદાદાનો ચિલ્લો અને હક સંભાળી રહ્યા છે. વર્ષોથી સિડીએથી ચડી શિખર ઉપર ધ્વજાજી ચડાવતા અબોટી બ્રામણોનો હક છિનવાઈ ન જાય તે માટે અબોટી બ્રામણો તંત્ર સામે લડવા મજબુર બનશે તે જાણવા મળી રહ્યું છે. જો દ્વારકાધીશ જગત મંદિર ઉપર ઈલેક્ટ્રીક ઉપકરણથી ધ્વજાજી ચડાવવાનું આયોજન થશે તો ધ્વજાજીનો મહિમાં ઘટશે અને વિવાદ ચરમ સિમાએ પહોંચે તે નકારી શકાય.

# લોઢવા ગામે ભુતડાદાદા ગૃપ દ્વારા આયોજીત ભાગવત સપ્તાહમાં વ્યાસપીઠથી બાલવ્યાસ જીગરભાઈ કથાનું રસપાન કરાવે છે

કથા દરમ્યાન હિતેશભાઈ જોષી દ્વારા દરરોજ મહાપ્રસાદ પીરસવામાં આવે છે







(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૦

લોઢવા મુકામે આવેલ પ્રાચીન ભુતડા દાદાનું સ્થાન આવેલ છે. આ વિસ્તારનાં યુવાનો દ્વારા આ સ્થાનકનો સારો એવો વિકાસ કરેલ છે. લોઢવા ગામે લમ્પી રોગમાં મૃત પામેલ ગાયોનાં મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. આ સપ્તાહનાં વ્યાસપીઠ ઉપર બાલવ્યાસજી જીગરભાઈ કનાડા તેમની મધુર વાણીમાં કથાનું રસપાન કરાવી રહયા છે. આ કથામાં દરરોજ શ્રોતા માટે મહાપ્રસાદનું આયોજન લોઢવા ગામનાં પંડીત સ્વ. શિવશંકર વલ્લભજી જોષીનાં સ્મરાર્થે તેમનાં પુત્ર હિતેશભાઈ જોષી તરફથી આયોજન કરવામાં આવેલ છે. આજે રાત્રીનાં વિજયભાઈ ગઢવી, ગાયીકા વર્ષાબેન પટેલ સહિતનાં કલાકારોનાં લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. આ કથામાં સમગ્ર ગામનાં સહયોગથી આયોજન થઈ રહયું છે. કથાને સફળ બનાવવા ભુતડા દાદાગૃપનાં યુવાનો જહેમત ઉઠાવી રહયા છે.

# ખંભાળિયામાં આમ આદમી પાર્ટી દ્વારા રસ્તાનું ચેકિંગ માત્ર પબ્લિસિટી સ્ટંટ...??

## "આપ"ના કાર્યકરો ધોરણસર ફરિયાદ કેમ કરતા નથી ? : પાલિકા સૂત્રોનો સણસણતો સવાલ

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૦

ખંભાળિયા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી આમ આદમી પાર્ટીના કાર્યકરો જાણે એકાએક જાગૃત બન્યા હોય તેમ કોઈને કોઈ બાબતે વિરોધ વ્યકત કરવામાં આવી રહ્યો છે. "આપ"ના નવા નિમાયેલા હોદ્દેદારોએ બે દિવસ પૂર્વે અહીંના જડેશ્વર રોડ ઉપરના ચાલી રહેલા નવનિર્માણ કામ સ્થળે દોડી ગયા હતા અને આ સ્થળે રહેલા કેટલાક કામદારો સાથે વાટાઘાટો કરી, ફોટા - વિડિયો લઈને રોડની



કામગીરીને વખોડતા નિવેદનો જારી કર્યા હતા. આ મુદ્દે નગરપાલિકાના એક જવાબદાર પ્રવકતાએ જણાવ્યું હતુ કે આમ આદમી પાર્ટી દ્વારા નગરપાલિકાના નબળા કામો અંગે કોઈ લેખીત કે સવિસ્તૃત રજુઆત કરવામાં આવતી નથી. ફક્ત ફોટા જ નાખે છે. જો નગરપાલિકાના કામો આવા જ લોલમલોલ હોય તો તેની ઉચ્ચ કક્ષાએ યોગ્ય ફરિયાદ કેમ કરવામાં આવતી નથી...??? દરેક રોડ ઉપર ત્રણ જગ્યાએથી નમુનાઓ લેવામાં આવે છે. જેના યોગ્ય ટેસ્ટ કરવામાં આવે છે. રોડના નમુના સરકારી લેબોરેટરીમાં ચેકિંગ અર્થે મોકલાવવામાં આવે છે. દરેક રસ્તાના કોન્ટ્રાકટની શરતો, નિયમો નગરપાલિકા કચેરી ખાતે જોઈ શકાય છે. દરેક ચાલુ કામના સ્થળે આ અંગેની વિગતો બોર્ડ ઉપર મૂકવામાં આવે છે. ઉપરાંત થર્ડ પાર્ટી દ્વારા મેપ ટેસ્ટિંગ પણ કરાય છે. નગરપાલિકા તંત્ર દ્વારા કામની ક્વોલિટીને હાલ પ્રાધાન્ય આપવામાં આવતું હોવાનું જણાવી, આમ આદમી પાર્ટીની આ નીતિ-રીતીને પાલીકા સતાવાહકોએ વખોડી કાઢી છે.

# દિવ્યાંગ કેર ટ્રેનિંગ સેન્ટર દ્વારા ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૦

જગતના તારણહાર પરમ કૃપાળુ ચોવીસમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ઉજવણી સ્પે. એજ્યુકેટર રામચંદ્રરાજના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના આગેવાનો તેમજ મનોદિવ્યાંગ બાળકોએ પરમાત્માની ભક્તિ કરી અને "આજ મારે ઘર મહાવીરા આયે હે "અને "જય હો મહાવીરા જય હો મહાવીરા" જેવા વિવિધ સ્તવન ઉપર મનોદિવ્યાંગ બાળકોએ ભક્તિમય નૃત્ય સાથે પ્રભુના જન્મ કલ્યાણક ની ભવ્ય ઉજવણી કરી હતી.

# આજે ૧૦ એપ્રિલ– વિશ્વ હોમિયોપેથી દિવસ




તેની સ્થાપના સેમ્યુઅલ હેનેમેન (૧૭૫૫-૧૮૪૩) દ્વારા કરવામાં આવી હતી, હોમિયોપેથીના સ્થાપક સેમ્યુઅલ હેનેમેન હતા, જે એક ફ્રેન્ચ ચિકિત્સક, વૈજ્ઞાનિક અને મહાન વિદ્વાન હતા. એક ચિકિત્સક તરીકેના તેમના પ્રથમ ૧૫ વર્ષ દરમ્યાન-આજીવિકા માટે સખત સંઘર્ષ કરતી વખતે -તેણે એક શોધ કરી. તેમનું માનવું હતું કે જો દર્દીઓને કોઈ બીમારી હોય, તો તેમને રોગના ઈલાજ માટે ઉક્ત બિમારીના લક્ષણો પ્રેરે તેવા ઘટકો આપવાના હતા. આમ, જો કોઈ દર્દી ગંભીર તાવથી પીડાતો હતો, તો તેને એવી દવા આપવામાં આવી હતી કે જે તંદુરસ્ત વ્યક્તિને ખૂબ તાવ ઉશ્કેરે છે. હેનિમેને દાવો કર્યો હતો કે તેઓ યોગ્ય ઉપાયોની પસંદગીનું સંકલન કરી શક્યા છે, જેને તેમણે ‘સાબિત કરવું’ કહે છે. આનાથી એક પ્રખ્યાત એફોરિઝમ "જેમ કે ઈલાજ જેવા"નો જન્મ થયો. મહેન્દ્ર લાલ સરકાર એવા પ્રથમ ભારતીય હતા જેઓ હોમિયોપેથિક ચિકિત્સક બન્યા હતા. સિરકરની આગેવાની બાદ સંખ્યાબંધ એલોપેથિક ડોકટરોએ હોમિયોપેથિક પ્રેક્ટિસ શરૂ કરી. ‘કલકત્તા હોમિયોપેથિક મેડિકલ કોલેજ’, પ્રથમ હોમિયોપેથિક મેડિકલ કોલેજની સ્થાપના ૧૮૮૧માં કરવામાં આવી હતી.હોમિયોપેથી અને દવાની દુનિયામાં તેના યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે દર વર્ષે ૧૦ એપ્રિલના રોજ વિશ્વ હોમિયોપેથી દિવસ ઉજવવામાં આવે છે. હોમિયોપેથી ઉપચાર કુદરતી ઘટકો સાથે બનાવવામાં આવે છે કારણ કે તે છોડ, ખનિજો અથવા પ્રાણીઓમાંથી આવે છે. આ ઘટકોના ઉદાહરણો છે લાલ ડુંગળી, આર્નીકા (એક પર્વતની વનસ્પતિ), પોઈઝન આઈવી, ડંખ મારતી ખીજવવું, સફેદ આર્સેનિક અને કચડી આખી મધમાખીઓ. કોઈ વ્યક્તિની સારવાર નક્કી કરવા માટે હોમિયોપેથ માત્ર વિગતવાર પેથોલોજી જ નહીં પરંતુ વ્યક્તિના શારીરિક, માનસિક અથવા ભાવનાત્મક સહિતના તમામ લક્ષણો પણ ધ્યાનમાં લેશે. પરંપરાગત દવા અને હોમિયોપેથી વચ્ચે ફરક પાડતી વસ્તુઓમાંથી આ એક છે - કારણ કે હોમિયોપેથ તેમના દર્દીઓ સાથે ઓછામાં ઓછા એક કલાક સુધી લાંબી પરામર્શ કરે છે. હોમિયોપેથીનો ઉપયોગ વિવિધ રોગોની સારવાર માટે થાય છે, ઉદાહરણ તરીકે, એલર્જી, માઈગ્રેઈન્સ, ડિપ્રેશન, ક્રોનિક ફેટીગ સિન્ડ્રોમ, રુમેટોઈડ આર્થરાઈટિસ, ઈરિટેબલ બોવેલ સિન્ડ્રોમ અને પ્રિમેન્સ્ટ્રૂઅલ સિન્ડ્રોમ. "નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ" અનુસાર, યુ.એસ.માં ૬૦ લાખથી વધુ લોકો ચોક્કસ સ્વાસ્થ્યની સ્થિતિની સારવાર માટે હોમિયોપેથીનો ઉપયોગ કરે છે અને વિશ્વભરમાં ૨૦૦ મિલિયનથી વધુ લોકો નિયમિત ધોરણે હોમિયોપેથીનો ઉપયોગ કરે છે.

- ડો. જી.આર. ગોહિલ

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# ઓખા બેટ-દ્વારકા વચ્ચે બની રહેલા દેશના એક માત્ર 'સિગ્નેચરબ્રીજ' માટે પર્યાવરણ ખાતાની મંજુરી જ નથી

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા, તા.૧૦

ઓખા મંડળ તાલુકો ગુડ ગવર્નસનાં બદલે ગોડ ગવર્નસ (ભગવાન ભરોસે) કેગનો અહેવાલ પુરાવો આપે છે. શું ઓખા મંડળ તાલુકાનાં સમુદ્ર કિનારા ઉપર CRZ નાં નિયમોનો ઉલાળિયો અને તે કારણેનાં અન અધિકૃત બાંધકામ પર્યાવરણને નુકશાન કારક. સમુદ્ર કિનારા ઉપરનાં અન અધિકૃત બાંધકામની નોંધ ખુદ કેન્દ્રીય એજેન્સી કેગ દ્વારા લેવામાં આવ્યાનો રીપોર્ટ શું દર્શાવે છે ? દેશ કે રાજ્યના પર્યાવરણને ખતરારૂપ રીપોર્ટ છતાં તંત્રનું મૌન શું દર્શાવે છે ?. ઓખો જગથી નોખો અને અનોખો હોય તેમ અહીં આઝાદી પહેલા અહીંનાં સાગર કિનારાની કુદરતી સંપતિ અને પરિસ્થિતિ જાણતા બરોડા સ્ટેટ દ્વારા ઓખાથી ચરકાલા સુધીનાં વિસ્તારને જામનગર રાજવી પાસેથી મેળવી લેતા અહીં બરોડા સ્ટેટનું રાજ્ય હતું અને તે કારણે જામ રાજવીનાં એક નાના તેવા તાલુકા ઉપર રાજ્ય કરતા અલગ સ્ટેટનાં કારણે તાલુકાને અંગ્રેજો દ્વારા એક મંડળ સ્વરૂપમાં ગણાતા અહીંનો સમગ્ર તાલુકાનું નામ ઓખા મંડળ રાખવામાં આવેલ અને તે સમયે આ તાલુકાનો જીલ્લો અમરેલી હતો અને ત્યારથી તડપદી ભાષા કહેવતમાં કહેવાય છે કે ''ઓખો જગથી નોખો'' પણ હવે છેલ્લા ઘણા વર્ષોથી આમાં થોડો ફેરફાર થયો હોય તેમ ''ઓખા જગથી નોખો નહિ પણ અનોખો'' હોય તેમ અહીં દેશ અને દુનિયાથી બધું અલગ જ હોય તેમ કેન્દ્ર અને રાજ્યનાં કાયદાની પરિભાષા જ તંત્રની નહિ પણ જનતંત્રની હોય તેમ દરેક ક્ષેત્રમાં અન અધિકૃત વહીવટો ચાલી રહ્યા હોય તેનો પુરાવો આપતા કેન્દ્રની હિસાબો ના ઓડીટ કરતી સંસ્થા ''કેગ'' નાગત વર્ષનાં અહેવાલમાં પર્યાવરણ અને અન્ય મુદાઓ ઉપર તાલુકાની ગંભીર નોંધ લીધાનું બહાર આવેલ છે જે દર્શાવે છે કે અહીં ''ગુડ ગવર્નન્સ નહિ પણ ગોળ ગવર્નન્સ (ભગવાન ભરોસે) વહીવટો દરેક તંત્રમાં ચાલી રહ્યા છે જે દર્શાવે છે કે અહીં આઝાદીનાં એટલા વર્ષો બાદ પણ સરકારી તંત્રનું નહિ પણ જનતંત્રનું રાજ ચાલે છે ? સાગર કિનારા ઉપરનાં બિન અધિકૃત બાંધકામો અને તે કારણે સમુદ્રી જીવો માટે જરૂરી ચેરનાં વૃક્ષોનો વિનાશ ?

કેગનાં અહેવાલમાં દર્શાવ્યા પ્રમાણે તાલુકાના સમુદ્ર કિનારા વિસ્તારમાં મેન્ગ્રોવ ટ્રેનાં વૃક્ષો કે જે દરિયાઈ જીવો માટે જરૂરી છે તેનો સત્યાનાશ સમુદ્ર કિનારા ઉપરનાં બિન અધિકૃત બાંધકામોને કારણે થયો છે. હકીકતમાં વર્ષ ૧૯૭૮નાં ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઝોનની રચના બાદ સમુદ્રનાં જીવોની રક્ષા કાજે અને સમુદ્ર કિનારાની કુદરતી સંરચના જાળવવા માટે સી.આર.ઝેડ કાયદા બનાવવામાં આવેલ જેનો અમલ આજ પીસ્તાલીશ વર્ષ પછી પણ અમલ થતો નથી અને તેની નોંધ ખુદ કેગ દ્વારા લેવામાં આવેલ છે. જ્યારે બીજી બાજુ વિશ્વમાં દુર્લભ ગણાતા અને દેશમાં ફક્ત ઓખાથી સિક્કાનાં દરિયા કિનારા ઉપર કોરલ પત્થરોનાં ટાપુઓ અને કિનારા આવેલા હોય તે કારણે આ વિસ્તારને આવનારી પેઢી માટે સુરક્ષિત રાખવા આ વિસ્તારને ''નેશનલમરીનપાર્ક'' તરીકે જાહેર કરી તે અંગે નું આખું તંત્ર ઉભું કરી આજ વર્ષોથી આ તંત્ર ફક્ત કાગળો ઉપર ચાલતું હોય તેવી પરિસ્થિતિ નિર્માણ થયેલ છે. અહીં પણ આશ્ચર્યજનક હકીકત તે છે કે આ વિભાગ ને જે તે સમયે સરકાર દ્વારા સરકારી જમીનો ફાળવી તેને રક્ષિત રાખવાની જવાબદારી સોંપી જે તે વિસ્તાર બનતા ઉદ્યોગોને તે તંત્રની મંજુરી લેવાની ફરજીયાત બનાવવામાં આવેલ અને તેને વન વિભાગની સાથે જોડી ''વન અને પર્યાવરણ'' મંત્રાલય હસ્તગત રાખવા માં આવેલ છે પરંતુ તે વિભાગની કામગીરી ''ગુડ ગવર્નન્સનાં બદલે ગોડ ફાધર ગવર્નન્સ'' પ્રમાણે ચાલતો હોય તેમ આ વિભાગ દ્વારા ફક્ત કાગળો ઉપર જરૂરી મંજુરી આપી જે તે ઉદ્યોગોને સાગર કિનારા ઉપર વિકસાવવાની મંજૂરીઓ આપવા સિવાય કોઈ કામગીરી થતીનાં હોય એવું જણાય છે જે કારણે જ ''કેગ'' ના અહેવાલ માં ઉદ્યોગો દ્વારા આવા સાગર કિનારા ઉપરનાં ઓધોગિક એકમો દ્વારા અને કિનારા ઉપર વસેલા –વિકસેલા નગરોનાં ગંદા પાણીનો નિકાલ સમુદ્રમાં કરવામાં આવે છે જે આ મેન્ગ્રોવ વૃક્ષોનાં વિનાશ માટેનું કારણ માનવામાં આવે છે. સાગર કિનારા ઉપર નાંસી.આર.ઝેડ.નાં નિયમો અંતર્ગતનાં બિન અધિકૃત બાંધકામો અને બનેલી જેટીઓ અંગે તંત્રનું મૌન ? વર્ષોથી રાજ્યનાં સમગ્ર સાગર કિનારાઓ ઉપર સી.આર.ઝેડ. નાં નિયમો અંતર્ગત નાં બિન અધિકૃત બાંધકામો અને બનેલી જેટીઓ બિન અધિકૃત છે જેમાં પણ બનાવનારા કોઈક છે તેને વહેંચનારા કોઈક છે તેના ભાડા ખાનાર કોઈક છે અને તે રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ ખતરનાક છે અને પૂર્વ માં આ અંગે નાં કેક કિસ્સાઓ તંત્ર નાં રેકર્ડ પર નોંધાયેલા છે છતાં તે અન્વયે તંત્ર નું મૌન કે મિલી ભગત જવાબદાર હોય તેમ આ અંગે આજ દિન સુધી કોઈ કાર્યવાહી નાં થયેલ હોય તે કારણે નાશ પામતા મેન્ગ્રોવ નાં વૃક્ષો ને ફરી ને સ્થાપન કરવા માટે ખુદ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા રાજ્ય સરકાર ને જણાવવા છતાં આ અંગે કોઈ પ્રગતી કારક કાર્યવાહી નાં થયા ની નોંધ પણ ''કેગ'' ના અહેવાલમાં લેવામાં આવેલ છે.





**ઓખા-બેટ દ્વારકા વચ્ચે બની રહેલ સિગ્નેચર બ્રીજ નું૮૦% કામ પૂર્ણ પણ તે માટે પર્યાવરણ મંજુરી જ લેવામાં આવેલ નથી ?**

દેશ માં એક માત્ર આશરે ૯૭૫ કરોડ રૂપિયા નાં ખર્ચે સમુદ્ર કિનારા ઉપર કેબલ ઉપર સ્થાપિત જ્હુલાતા પુલ જેવો ''સિગ્નેચર બ્રીજ'' બનાવવા માટે તે સમુદ્ર કિનારા ઉપર બનતો હોય તે અંગેની પર્યાવરણીય મંજુરી રાજ્યનાં પર્યાવરણ ખાતા અને સી.આર.ઝેડ. ખાતા પાસે સંયુકત લેવાની હોય છે જે અંગેની ગભીર નોંધ લેતા કેગ દ્વારા જણાવ્યું છે કે હજુ સુધી ફક્ત સી.આર.ઝેડ. ખાતામાં અરજી કરવામાં આવેલ છે. ત્યારે પ્રશ્ન તે થાય છે કે, આ પુલનું ૮૦% બાંધકામ પૂર્ણ થવા ઉપર છે ત્યાં સુધી કોઈ મંજુરી જ લેવામાં આવેલનાં હોય ત્યારે છેલ્લા ત્રણ વર્ષથી ચાલતા આ કામની ગ્રાન્ટ ક્યાં હેડ હેઠળ લેવામાં આવી અને વાપરવામાં આવી તે મોટો પ્રશ્ન છે કારણ કે કેગનાં અહેવાલમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે બહુ મોટી સરકારી ગ્રાન્ટની રકમ ક્યા વાપરવામાં આવેલ છે અને ક્યાંથી આવેલ છે તેનો કોઈ હિસાબ જ ઓડીટ દરમ્યાન મળેલ નથી જે પણ આ હકીકતની એક આશ્ચર્ય જનક સત્યહકીકત બહાર આવેલ છે જે સ્પષ્ટ કરે છે કે હવે તંત્ર ''ગુડ ગવર્નન્સ નાં બદલે ગોડ ગવર્નન્સ (ભગવાનભરોસે) ચાલી રહ્યું છે.

# ગુજરાત સમર્પણ આશ્રમ મહુડી ખાતે પૂર્ણિમાના દિવસે હિમાલયન ધ્યાનયોગની દર્શન શિબિર, ધ્યાન તથા પ્રદર્શનો કાર્યક્રમ યોજાયો

## "જી -૨૦ ના ઘોષ વાચ 'વસુધેવ કુટુમ્બકમ' ની પરિકલ્પના યોગ(ધ્યાન) માર્ગથી સાકાર થઇ શકે" : પરમપૂજ્ય સદગુરૂ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૦

હનુમાન જયંતિ અને પૂર્ણિમાના શુભ દિને ગુજરાત સમર્પણ આશ્રમ-મહુડીમાં વિશાળ સામૂહિકતામાં સદ્‌ગુરૂ દર્શન શિબિર-સામૂહિક ધ્યાન અને વિવિધ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્ણિમાની સાંજે સદગુરૂ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી એ ભારતીય સંસ્કૃતિ વિશે કહ્યું કે વિશ્વમાં માત્ર ભારતીય સંસ્કૃતિમાં જીવંત પરમાત્મા ની પરિકલ્પના છે. તેમાં "ગુરૂ સાક્ષાત્ પરબ્રહ" કહ્યું છે. જેમ આપણું શરીર જોવા અરીસા ની જરૂર પડે છે, અરીસા વગર આપણે આપણો ચહેરો નથી જોઈ શકતા. તે જ રીતે જીવનમાં જ્યાં સુધી પરમાત્માનું માધ્યમ ના આવે ત્યાં સુધી આપણે અંતર્મુખી નથી થઈ શકતા. જી -૨૦ ના ઘોષ વાકય 'વસુધૈવ કુટુમ્બકમ' ની પરિકલ્પના યોગ(ધ્યાન) માર્ગથી સાકાર થઈ શકે છે. યોગ (ધ્યાન) માર્ગ મનુષ્ય ને મનુષ્ય સાથે જોડે છે. યોગ (ધ્યાન) માર્ગ થી જ્યારે મનુષ્ય જોડાય છે તેનો શરીર ભાવ ઓછો થઈ જાય છે અને આત્મ ભાવ વધી જાય છે. આત્મ ભાવ વૃદ્ધિગત થવાથી શરીરથી બનાવેલી બધી સીમાઓ સમાપ્ત થઈ જાય છે. મનુષ્યની દેશ, ધર્મ, રાજ્ય, ભાષા, જાતિ બધી જ સીમાઓ સમાપ્ત થઈ જાય છે. દરેક ધાર્મિક સ્થાન ઉપર આપણે સમસ્યા લઈને જઈએ છીએ. અને સમસ્યા શરીર સાથે જોડાયેલ હોય છે આત્મા સાથે નહિ. શરીરના સ્તર ઉપર આપણે તે ઊર્જા ગ્રહણ નથી કરી શકતા. ધાર્મિક ઊર્જા સ્થાન ઉપર આપણે ધ્યાન દ્વારા મૂળ ઊર્જા સ્ત્રોત સાથે જોડાઈ શકીએ છીએ. ગંગા નદી નું મૂળ ઊર્જા સ્ત્રોત એક ગુફા માં છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી આપણા પાપ સમાપ્ત નથી થઈ જતા પરંતુ પાપ ની સ્મૃતિઓ સમાપ્ત થઈ જાય છે. જેટલી પણ જીવનની સમસ્યાઓ છે તે શરીર સાથે સંબંધીત છે. આત્મા ની કોઈ સમસ્યા નથી હોતી. એટલા માટે જ ધાર્મિક સ્થાનો પર સમસ્યા લઈ ને ન જવું જોઈએ, પરંતુ આત્માની ઉન્નતિ માટે જવું જોઈએ, શ્રી ગુરુશક્તિધામ પણ એવા ઊર્જા સ્થાન છે જયાં સમસ્યા લઈ ને ન જાઓ. ત્યાંની ઊર્જા ગ્રહણ કરો. ત્યાં ઊર્જા ગ્રહણ કરીને પોતે જ એટલા સશક્ત થઈ જશો કે તમે જ તમારી સમસ્યાનું નિવારણ કરી લેશો. એક આધ્યાત્મિક સ્તર ઉપર પહોંચ્યા પછી બધા સંત મહાત્મા એક જ વાત કરે છે કે "પરમાત્મા એક છે પરમેશ્વર એક છે." ઓરા શાસ્ત્રનું અતિ કઠિન અને વિશાળ નિર્માણ કાર્ય પણ શરૂ છે." ત્યારબાદ પૂજ્ય સ્વામીજી એ "હું એક પવિત્ર આત્મા છું, હું એક શુદ્ધ આત્મા છું" તે મંત્ર દ્વારા ધ્યાન ની શરૂઆત કરાવી. અંતમાં સાધકના પ્રશ્નોનાં ઉત્તરમાં માર્ગદર્શન આપતા કહ્યું ધ્યાનયોગ કરવાનો સારો સમય સવારનો ગણવામાં આવે છે. જયારે આપ 'હું એક પવિત્ર આત્મા છું. હું એક શુદ્ધ આત્મા છું' બોલો છો ત્યારે જાણતા અજાણતા આપણામાં આત્મભાવ વૃદ્ધિગત થવાથી શરીરભાવ ઓછો થઈ જાય છે અને તે નિયમિત કરવું જોઈએ. આગળ માર્ગદર્શન આપતા કહ્યું કે ધ્યાન લાગવું એ પણ એક અપેક્ષા છે, કોઈ પણ અપેક્ષા સાથે ધ્યાન ન કરવું જોઈએ. આત્માની કોઈ અપેક્ષા નથી હોતી. ધ્યાનમાં વિચારોને બંધ કરવાના કોઈ પ્રયત્ન કરશો નહિ. આત્મજ્ઞાન એ શાશ્વત જ્ઞાન છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં અધિકૃત શબ્દને ખૂબ જ મહત્વ છે, તેની પાછળ શકિતઓ લાગી જાય છે. આ ઉપરાંત ગુરૂતત્વ, બાળવિકાસ તેમજ વિજ્ઞાન અને આધ્યાત્મની પણ ખૂબ સરસ પ્રદર્શનીનો લોકોએ લાભ લીધો હતો. આ મહાધ્યાન દર્શન શિબિરનું જીવંત પ્રસારણ યૂટ્યૂબ ચેનલ https://www.youtube.com/GuruTattva ઉપર પણ કરવામાં આવ્યું હતું.





# ટોરેન્ટ ગેસ દ્વારા જૂનાગઢમાં CNGમાં પ્રતિ કી.ગ્રા રૂા.૬નો અને ઘરેલુ વપરાશ માટેના PNGની કિંમતમાં પ્રતિ SCM રૂા.૪૨નો ઘટાડો

**ઉપભોકતાઓને પેટ્રોલની સરખામણીએ ૧૭% અને LPGની સરખામણી ૨૮%ની થશે બચત**

અમદાવાદ, તા.૧૦

પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડે (PNGRB) દ્વારા દેશભરના ૩૪ જિલ્લામાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) અને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) પ્રદાન કરવા માટે અધિકૃત કરવામાં આવેલા ટોરેન્ટ ગેસ દ્વારા આજે S C M દીઠ રૂા.૧નો નોંધપાત્ર ઘટાડો તહેર કર્યો છે. જૂનાગઢમાં સ્થાનિક PNGના ભાવમાં SCM દીઠ રૂા.૪ અને સીએનના છૂટક ભાવમાં કિલોદીઠ રૂા.૬નો ઘટાડો કરવામાં આવ્યો છે જે એપ્રિલથી અમલી બનેલ છે. આનાથી જૂનાગઢમાં પેટ્રોલની સરખામણીએ CNG ૪૭% અને ડીઝલની સરખામણીએ ૧૧% સસ્તું થશે. એજ રીતે ઘરેલું એલપીજીની સરખામણીમાં હવે સ્થાનિક PNG ૨૮% સુધી સસ્તું થશે. સીએનજી અને પીએનજીના ભાવમાં આ ઘટાડો કેન્દ્રીય કેબિનેટના સ્થાનિક કુદરતી ગેસના ભાવ નિર્ધારણ માર્ગદર્શિકામાં સુધારો કરવાના સીમાચિહ્નરૂપ નિર્ણય પછી કરવામાં આવ્યો છે. ભારત સરકારના ઘરેલુ નેચરલ ગેસના ભાવાની માર્ગદર્શિકા અને તેના કારણે PNG અને ઝૠ્રૠ ના ભાવમાં થયેલ ઘટાડો લાખો ઘરો અને વાહન માલિકો માટે નોંધપાત્ર રીતે મદદગાર થશે. સુધારેલી માર્ગદર્શિકા કે જેમાં બેસ પ્રાઈસની ફ્લોર પ્રાઈસ નક્કી કરવાનો અને ગેસ ઉત્પાદકોએ અને તેનો ઉપયોગ કરતાં સેક્ટર જેવા કે CGD ફર્ટીલાઈઝર અને પાવર સેકટર અને ઉપભોક્તાઓ વચ્ચે યોગ્ય બેલેન્સ જાળવવાની બાબત શામેલ છે. આ વિષે પોતાની વાત રજૂ કરતાં ટોરેન્ટ ગેસના ડાયરેક્ટર જિનલ મહેતાએ જણાવ્યું હતું કે ''અમે ભારત સરકાર તેમજ માનનિય પ્રધાનમંત્રીનો સુધારેલા ડોમેસ્ટિક નેચરલ ગેસ પ્રાઈસિંગ ગાઈડલાઈનને માન્ય કરવા માટે આભાર વ્યક્ત કરીએ છીએ જેના કારણે આજે અમે નોંધપાત્ર રીતે CNG અને ઘરેલું PNGના ભાવોમાં ઘટાડો કરી શક્યા છીએ. દેશભરના લાખો ગ્રાકોના લાભ માટે સ્થાનિક PNG કિંમતો. સુધારેલી ગેસ પ્રાઈસિંગ ગાઈડલાઈન્સ દેશમાં ઝૠ્રૠ અને ડોમેસ્ટિક PNGના ભાવમાં વોલેટિલિટી ઘટાડવામાં મદદ કરશે અને સુધારેલી ગાઈડલાઈન્સ હેઠળ પુરા પાડવામાં આવેલ લાંબા ગાળાનો રોડમેપ દેશભરમાં CNG અને ડોમેસ્ટિક PNGને મોટા પાયે અપનાવવા પ્રોત્સાહિત કરશે.''

# અપહરણના ગુન્હામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને તથા ભોગ બનનારને શોધી કાઢતી જૂનાગઢ પેરોલ ફર્લો સ્કોડ

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવી તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને ગુમ તથા અપહરણ થયેલ બાળકો અને સગીર વયની યુવતીઓને શોધી કાઢવા માટે અસરકારક પ્રયત્નો કરી આ બાબતે ગુમ થયેલ તથા અપહરણ કરવામાં આવેલ સગીર બાળકો તથા યુવતીઓને શોધી કાઢવા ખાસ સુચનાઓ કરી જિલ્લામાં ત્રણ ટીમોનુગઠન કરવામા આવેલ હોય, જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચના ઈન્ચાર્જ પો.ઈન્સ. જે.જે.ગઢવીના માર્ગદર્શન અને સુચના મુજબ પેરોલ ફર્લો સ્કોડના એ.એસ.આઈ. ઉમેશભાઈ વેગડા પો.હેડ.કોન્સ. સંજયભાઈ વઘેરા પો.હેડ.કોન્સ. પુનાભાઈ હૂણ પો.કોન્સ. દિનેશભાઈ છૈયા પો.કોન્સ. જયેશભાઈ બામણીયા એ રીતે નાઓની ટીમ દ્વારા જૂનાગઢ ડિવીઝનના જુદા જુદા પોલીસ સ્ટેશનો મા ગુમ- અપહરણના ગુન્હા ના કામે નાસતા ફરતા આરોપીઓને તથા ભોગ બનનારને શોધી કાઢવા જૂનાગઢ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી રાહે હકિકત મળેલ કે મેંદરડા પો.સ્ટે. ના ગુ.ર.નં. ફર્સ્ટ.૧૧૨૦૩૦૩૯૨૨૦૨૯૫/૨૦૨૨ આઈપીસી ક.૩૬૩, ૩૬૬ના ગુન્હામાં નાસતો ફરતો આરોપી હિતેશ ઉકાભાઈ મોતવાડીયા ઉ.વ.૨૦ રહે.બોરડીયા તા.વિસાવદર જીલ્લા જૂનાગઢવાળો તથા ભોગ બનનાર જૂનાગઢ એસ.ટી. બસ સ્ટેશન વિસ્તારમાં છે તેવી હકીકત મળતા ઉકત જગ્યાએ જઈ તપાસ કરતા મજકુર આરોપી તથા ભોગ બનનાર ત્યાથી મળી આવતા તેઓને હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા સારૂ મેંદરડા પોસ્ટે ખાતે સોપી આપવામાં આવેલ છે.



## ઉમરેઠી ડેમ ખાતે જળ સંપતી અને પાણી પુરવઠા મંત્રી

# કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને ગીર સોમનાથ અને જૂનાગઢ જીલ્લાના સિંચાઈ અધિકારીઓ સાથે સમિક્ષા બેઠક યોજાઈ



વેરાવળ, તા.૧૦

જળ સંપતી અને પાણી પુરવઠા, અન્ન, નાગરીક પુરવઠા મંત્રી શ્રી કુવરજી બાવળિયાના અધ્યક્ષસ્થાને વેરાવળ તાલુકાના હીરણ સિચાંઈ યોજના-૨ મુલાકાત બાદ ઈન્સ્પેક્શન બંગલા ખાતે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સિચાંઈ વિભાગનાં અધિકારીશ્રીઓ સાથે સમિક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં મંત્રીશ્રેએ ચેકડેમ, પૂર સંરક્ષણ દિવાલ, કમાન વિસ્તાર, બંધારા યોજના, સિંચાઈ યોજના, સુજલામ સુફલામ યોજના સહિતની બાબતોની અધિકારશ્રીઓ પાસેથી માહિતી મેળવી હતી. તેમજ સમયસર કામો પુરા થાય તેમજ કામોનુ સુચારુ આયોજન બાબતે અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યુ હતું. આ તકે ગીર સોમનાથ જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતી રામીબેન વાજા, કાર્યપાલક ઈજનેર સિંચાઈ યોજના વિભાગ જુનાગઢના શ્રી એચ. કે.ઉકાણી, કાર્યપાલક ઈજનેર સિંચાઈ યોજના ગીર સોમનાથ નોડલ શ્રી એ.પી.કલસરીયા, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી યુ.વી.રાખસીયા, નાયબ કાર્યપાલક ઈજનેર ક્ષાર અંકુશ પેટા વિભાગના શ્રી આર.કે. સામાણી, પંચાયત સિંચાઈ પેટા વિભાગ નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી એ.બી. નકુમ, હીરણ સિચાંઈ યોજના-૨ના સેકશન અધિકારીશ્રી નિર્મલભાઈ સિંધલ સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# પશ્ચિમનાં દેશો ભારતને ઉપદેશ આપવામાં માહેર !!

રાહુલ ગાંધીની સંસદ સદસ્યતા રદ થતાં અમેરિકી વિદેશ વિભાગના ઉપ-પ્રવક્તા વેદાંત પટેલ અને ત્યારબાદ જર્મન વિદેશ મંત્રાલયનાં પ્રવક્તાએ કહ્યું કે આ મુદ્દે તેમની નજર છે. અસલમાં આ બંને દેશોએ રાહુલ ગાંધીના મુદ્દા પર પોતાની ટિપ્પણીઓથી ભારતમાં લોકતંત્ર અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને લઈને પોતાની ચિંતા પર મોં પણ ખોલ્યું અને સીધી ટીકાથી પણ બચ્યા. આના પહેલાં રાહુલ ગાંધીએ બ્રિટનમાં પોતાના ભાષણોમાં પશ્ચિમી લોકતાંત્રિક દેશોને સવાલ કર્યો હતો કે તેઓ ભારતના ઘટનાક્રમ પર ચૂપ કેમ છે? આ ટિપ્પણીઓ પર ચર્ચા વચ્ચે જ સમાચાર મળ્યા કે ન્યૂયોર્કમાં મેનહટ્ટન જિલ્લાની ગ્રાન્ડ જ્યુરી કે મહાપંચાયતે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર પોર્નસ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને વિવાહેતર સંબંધો પર મોં બંધ રાખવા માટે ૧,૩૦,૦૦૦ ડોલરની લાંચ આપવાનો અપરાધિક આરોપ લગાવવાનો ચુકાદો આપ્યો હતો. આરોપ લગાવવા માટે મહાપંચાયત બેસાડનારા જિલ્લા એટર્ની એલવિન બ્રેગે ટ્રમ્પને મંગળવારે મેનહટ્ટનની અદાલતમાં રજૂ થવાના આદેશ જારી કર્યા છે, જેના પાલન માટે ટ્રમ્પે એક સામાન્ય અપરાધીની જેમ સમર્પણ કરવું પડશે અને ફોટો ખેંચાવવા અને આંગળીઓના નિશાન આપવા પડશે. અમેરિકાના ઈતિહાસમાં ટ્રમ્પ એવા પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ હશે, જેમની ધરપકડ કરીને કઠેરામાં ઊભા કરાશે. આખી દુનિયા આ તમાશો જોશે. ટ્રમ્પે એટર્ની બ્રેગને અશ્વેત નસલવાદી ગણાવતાં કહ્યું કે એમના પર રાજકીય અત્યાચાર કરાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે તેમને ન્યાયની આશા નથી. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના નેતાઓ અને સમર્થકોમાં ભારે રોષ છે. તેઓ બાઈડન સરકાર પર ચૂંટણી પ્રક્રિયાને બંધક બનાવવા, અભિવ્યક્તિ સ્વતંત્રતાનું ગળું ઘોંટવા અને લોકતંત્રની હત્યા કરવાના આરોપ લગાવી રહ્યા છે.

આના પહેલાં ટ્રમ્પને વ્યાવસાયિક ખાતામાં ગરબડના દોષી ઠેરવી ચૂકાયા છે, તેમાં ૧૬ લાખ ડોલર દંડ ઉપરાંત મુખઅય નાણાંકીય અધિકારીને પાંચ મહિનાની જેલ થઈ ચૂકી છે. એક અન્ય દીવાની ખટલામાં ટ્રમ્પ પરિવાર પર ષડયંત્ર અને સંપત્તિને વધારીને દેખાડવાના એવા જ આરોપ લાગ્યા છે, જેવા ભારતમાં અદાણી સમૂહ પર લગાવવાની કોશિશ થઈ રહી છે. ટ્રમ્પ પરિવારથી ૨૫ કરોડ ડોલરનું વળતર માંગવામાં આવી રહ્યું છે. અમેરિકી સંસદ ભવન પર ૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ હુમલા માટે ઉશ્કેરવાના આરોપમાં સંસદીય સમિતી દોઢ વર્ષ લાંબી સુનાવણી કરી ચૂકી છે અને હવે ન્યાય વિભાગ પોતાની અપરાધિક તપાસમાં પડ્યું છે જે રહસ્યના પડદામાં છે. જ્યોર્જિયા રાજ્યમાં થયેલ આકરી ટક્કરવાળા મુકાબલામાં પોતાની હારને જીતમાં બદલવા માટે રાજ્યના ચૂંટણી અધિકારી સાથે ફોન પર ટ્રમ્પની એક કલાક વાતચીતની અપરાધિક તપાસ બાદ પણ એક મહાપંચાયત બેસાડવામાં આવી હતી, જેનો ફેંસલો હજુ સીલબંધ છે. જો આ મામલે આરોપ લાગ્યા અને સાબિત થયા તો જેલ પણ થઈ શકે છે. તે ઉપરાંત ન્યાય વિભાગ ટ્રમ્પના ફ્લોરિડા સ્થિત આવાસથી મળી આવેલ અતિ ગોપનીય દસ્તાવેજોના કેસની અપરાધિક તપાસ પણ કરી રહ્યો છે.

આ કાનૂની લડાઈમાં વકીલોની ફોજ ઉતારવા માટે ટ્રમ્પે જનતા પાસેથી ફંડ એકત્ર કરવાનું શરૂ કરી દીધું છે અને મુશ્કેલી એ છે કે મોંઘવારી-બેરોજગારીના આ દોરમાં પણ લોકો પોતાની પરસેવાની કમાણીના પૈસા ટ્રમ્પના બચાવ માટે આપશે! કેટલાય વિશ્લેષકોને ભય છે કે કાનૂની લડાઈ ટ્રમ્પનું નુક્સાન કરવાને બદલે ચૂંટણી લાભ પહોંચાડીને તેમને ફરીથી ખુરશી સુધી પણ પહોંચાડી શકે છે. ટ્રમ્પના દોષીત સાબિત થઈ જવા અને જેલ જવા પર પણ તેમને ચૂંટણી લડતાં રોકી નહીં શકાય. જો રિપબ્લિકન પાર્ટીએ ઉમેદવાર ન બનાવ્યા તો તે એક સ્વતંત્ર ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરી શકે છે અને પાર્ટીના સત્તાવાર ઉમેદવારની જીતને ઘોંચમાં પાડી શકે છે. કદાચ એટલે જ રિપબ્લિકન નેતા ટ્રમ્પના વિરોધમાં ખુલીને આવવાથી ખચકાઈ રહ્યા છે. ત્યાં જ, ટ્રમ્પ અને તેમની પાર્ટીના સમર્થકોનો આરોપ છે કે બાઈડન સરકાર રાજકીય બદલા માટે ન્યાય વિભાગને હથિયાર બનાવીને રાજકીય અત્યાચાર કરી રહી છે અને ચૂંટણી પ્રક્રિયાને આંચકીને સત્તા પર ચીટકી રહેવા માંગે છે. તેમનું કહેવું છે કે અમેરિકાના એક જનપ્રિય નેતાનો અવાજ દબાવવાની કોશિશ કરાઈ રહી છે અને આ દેશ માટે કાળો દિવસ છે. આ તમામ વાતો ભારતની એ ઘટનાઓથી ક્યાંય વધુ ગંભીર છે જેના પર નજર રાખવાની અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા વેદાંત પટેલ વાત કરી રહ્યા હતા. તે ઉપરાંત અમેરિકી કોંગ્રેસની સંસદીય સમિતિ રાષ્ટ્રપિત બાઈડનના પુત્ર હંટર બાઈડનના યુક્રેની અને ચીની કંપનીઓ સાથે કારોબારી સંબંધોની તપાસ પણ શરૂ થઈ રહી છે. સમિતિના રિપબ્લિકન ચેરમેનને શંકા છે કે હંટર બાઈડન રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવન નમ્રતાનો મહાન પાઠ છે.

- બૈરી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર વદ-૪, તા.૧૦ એપ્રિલ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૧૮, અનુરાધા નક્ષત્ર, વ્યતિપાત યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૭:૦૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# ઉનાળામાં કાકડી ખાવાથી મળતા સ્વાસ્થ્ય લાભો વિશે જાણીને ચોંકી જશો



ઉનાળામાં ખાવામાં આવતી ઘણી એવી વસ્તુઓ છે જે શરીર અને મનને ઠંડક આપવાની સાથે સ્વાસ્થ્યને પણ ઘણા ફાયદાઓ આપે છે. આવી જ એક વસ્તુનું નામ છે કાકડી. કાકડીમાં પાણીની સાથે ફાઈબર, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને પોટેશિયમ જેવા પોષક તત્વો ભરપૂર પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત તેમાં વિટામીન-બી, વિટામીન એ અને એન્ટીઓક્સીડેન્ટ પણ ભરપૂર માત્રામાં હોય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કાકડીમાં હાજર આ તમામ ગુણો ઉનાળામાં પેટને ઠંડુ રાખવાની સાથે હીટ સ્ટ્રોકથી બચવામાં પણ મદદ કરે છે. આ સિવાય કાકડીનું સેવન ડાયાબિટીસના દર્દીઓ તેમજ બીપીના દર્દીઓ માટે ખૂબ જ સારું માનવામાં આવે છે. તો ચાલો જાણીએ ઉનાળામાં કાકડીનું સેવન કરવાથી તમારા સ્વાસ્થ્યને ક્યા ક્યા લાભ થાય છે.

શરીરને હાઈડ્રેટેડ રાખે છેઃ- ઉનાળામાં વધુ પડતા પરસેવાના કારણે શરીરમાં પાણીની ઉણપ થાય છે. આવી સ્થિતિમાં કાકડીનું રેગ્યુલેર સેવન તમારા શરીરમાં પાણીની ઉણપને પૂર્ણ કરીને તેને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે. આ સિવાય કાકડી ખાવાથી શરીરનું ટોક્સિન પણ બહાર નીકળી જાય છે.

ડાયાબિટીસમાં ફાયદાકારકઃ- કાકડીને ડાયાબિટીસના દર્દીઓ માટે સારી માનવામાં આવે છે. કાકડી એ ગ્લાયકેમિક ઈન્ડેક્સ ધરાવતુ ફૂડ છે જે ડાયાબિટીસના દર્દીઓને લાભ આપી શકે છે. તેમાં ફાઈબર અને રફેજનું પ્રમાણ વધુ હોય છે જે મેટાબોલિઝમને મજબૂત કરે છે. તેમાં હાજર ફાઈબર કબજિયાતની સમસ્યાને દૂર કરીને પેટને સાફ રાખવામાં મદદ કરે છે. કબજિયાતની સમસ્યાને સરળતાથી દૂર કરે છે.

બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખે છેઃ- કાકડીમાં હાજર મેગ્નેશિયમ અને પોટેશિયમ જેવા પોષક તત્વો બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. કાકડીમાં પોટેશિયમ અને પાણીની પર્યાપ્ત માત્રા બ્લડપ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

સ્થૂળતાને દૂર રાખે છેઃ- જો તમે લાંબા સમયથી વજન ઘટાડવા વિશે વિચારી રહ્યા છો તો ઉનાળામાં વજન ઓછું કરી શકાય છે. ઉનાળામાં કાકડી ખાવાથી વજન સરળતાથી ઓછું કરી શકાય છે. તેમાં પાણીનું પ્રમાણ વધારે હોય છે અને કેલરી ખૂબ ઓછી હોય છે. તેથી વ્યક્તિનું પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે અને તેને ભૂખ નથી લાગતી. તેના કારણે એક્સ્ટ્રા વજન વધતું નથી અને નિયંત્રણમાં રહે છે.

ઓરલ હેલ્થ આરોગ્યઃ- કાકડીનું પાણી મોઢામાં રહેલા બેક્ટેરિયાને નષ્ટ કરવામાં મદદ કરે છે. તે મોઢાના સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓને પણ દૂર કરે છે. જો તમે શ્વાસની દુર્ગંધથી પરેશાન છો તો ઝડપથી કાકડીનો ટુકડો કાપીને તમારા મોંમાં રાખી લો. કાકડીમાં રહેલા તત્વો લાળના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે અને શ્વાસની દુર્ગંધ પેદા કરતા બેક્ટેરિયાને ખતમ કરી દે છે.

# NASAએ તૈયાર કર્યું આ ઉપકરણઃ અંતરિક્ષ દ્વારા પ્રદૂષણ પર રાખશે નજર




નેશનલ એરોનૉટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન એ એવું ઉપકરણ તૈયાર કર્યું છે જે વૈજ્ઞાનિકો દ્વારા અંતરિક્ષમાંથી હવાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવાની રીતમાં સુધારો કરશે. યુએસ સ્પેસ એજન્સીએ એલોન મસ્ક સાથે મળીને ૭ એપ્રિલના રોજ **TEMPO** અથવા ટ્રોપોસ્ફેરિક એમિશન મોનિટરિંગ ઓફ પોલ્યુશન ઈન્સ્ટ્રૂમેન્ટ નામનું એર-ક્વોલિટી મોનિટર લોન્ચ કર્યું હતું.

**NASA** એ અહેવાલ આપ્યો છે કે **NASA-Smithsonian Instrument TEMPO** એ પ્રથમ અંતરિક્ષ આધારિત ઉપકરણ છે જે દર કલાકે ૪ ચોરસ માઈલના મુખ્ય વાયુ પ્રદુષકોનું નિરીક્ષણ કરશે. યુએસ સ્પેસ એજન્સીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું છે કે **TEMPO** દક્ષિણ અમેરિકાના દિવસની હવાની ગુણવત્તાનો કલાકદીઠ રિપોર્ટ આપશે. તે ત્રણ મુખ્ય પ્રદૂષકો પર નજર રાખશે અને શહેરમાં વધી રહેલા પ્રદૂષણ અંગે ચેતવણી આપશે.

મળતી માહિતી મુજબ, ટેમ્પોમાં ખાસ સાધનો લગાવવામાં આવ્યા છે, જે દિવસ દરમિયાન એટલે કે પ્રકાશમાં દર કલાકે ઉત્તર અમેરિકાની ઉપરથી પસાર થશે. તે દર વખતે ૧૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં વાયુ પ્રદૂષણના સ્તરનો આંકડો રેકોર્ડ કરશે. તેની રેન્જ એટલાન્ટિક મહાસાગરથી પેસિફિક મહાસાગર અને મધ્ય કેનેડાથી મેક્સિકો સિટી સુધીની હશે. તે બોલ એરોસ્પેસ દ્વારા બનાવેલ મોટા વોશિંગ મશીનના કદનું ઉપકરણ છે. તેને મેક્સાર દ્વારા બનાવવામાં આવેલ ઈન્ટેલસેટ ૪૦ઈ ઉપગ્રહ સાથે જીઓસ્ટેશનરી ઓર્બિટમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.

હાર્વર્ડ એન્ડ સ્મિથસોનિયન સેન્ટર ફોર એસ્ટ્રોફિજિક્સના એક વાતાવરણીય ભૌતિકશાસ્ત્રી કેરોલીન નોવલનના જણાવ્યા અનુસાર જિયોસ્ટેશનરી ઓર્બિટ એક સામાન્ય કક્ષા છે જે હવામાન અને સંચાર ઉપગ્રહો માટે જાણીતી છે. .

જો કે હજુ સુધી વાયુઓને માપવા માટે હવાની ગુણવત્તાનું સાધન નહોતું. હાલના પ્રદૂષણ-નિરીક્ષણ ઉપગ્રહો પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં છે.

આનો અર્થ એ છે કે તેઓ ચોક્કસ સમયે દિવસમાં માત્ર એક જ વાર માહિતી આપી શકે છે. નોવલને કહ્યું હતું કે ટેમ્પો વિશેની એક સરસ વાત એ છે કે તે દિવસના દરેક કલાક વિશે માહિતી આપે છે.

છેલ્લા ૩૦ વર્ષથી સમગ્ર વિશ્વમાં ગંદી હવાને સાફ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. મોટી-મોટી ફેક્ટરીઓ અને વાહનોમાંથી નીકળતો ધુમાડો લોકોના આરોગ્યને બગાડી રહ્યો હતો. યુ.એસ.માં હવાની ગુણવત્તા સૂચકાંકમાં સતત સુધારો થયો છે પરંતુ મોટાભાગની વસ્તી હજુ પણ ખરાબ હવામાં શ્વાસ લે છે.

# • રમઝાન મુબારક •




## દહેજ અંગે ઈસ્લામી દ્દષ્ટિકોણ

ભારતનાં મુસ્લિમ સમાજમાં અસંખ્ય કુરિવાજો સમય પસાર થતાં અને અન્ય સમાજોનાં પ્રભાવના કારણે પ્રવેશ પામ્યા છે. આ પૈકી એક દહેજ પ્રથા પણ છે. આ કુરિવાજ કેન્સરની જેમ વ્યાપી ગયો છે અને તેણે સમાજને એવો લૂણો લગાડ્યો છે કે હવે ઈસ્લામનાં આદેશોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવે છે. દહેજ સંપૂર્ણપણે બિન ઈસ્લામી પ્રથા છે અને તેના તમામ આધારો ખોટાં છે. ઈસ્લામ લગ્નને પુરુષનાં આર્થિક જીવન સાથે સાંકળે છે જે નીચે દર્શાવેલી હદીસ ઉપરથી સ્પષ્ટ થાય છે. :

હે યુવાનોના જૂથ! તમારા પૈકી જે ગૃહસ્થી કરી શકે છે તેણે લગ્ન કરવાં જોઈએ. જીવન અને લગ્નનાં ખર્ચની જવાબદારી પતિનાં શિરે છે. પત્નીનું ભરણ-પોષણ અને મકાન, રહેઠાણની જવાબદારી પતિએ અદા કરવાની છે. લગ્ન પ્રસંગે મહેર આપવું આવશ્યક છે જે સાંકેતિક રીતે એ બાબત દર્શાવે છે કે આર્થિક બોજો માત્ર પતિના શિરે રહેશે. લગ્ન પછી પતિ માટે વલીમહ(ભોજન સમારોહ) પણ સુન્નત છે. વલીમહ કરવાની જવાબદારી પણ પતિની હોય છે. આ નાણાકીય ખર્ચાઓએ બાબતનું પણ પ્રતીક છે કે નાણાકીય ખર્ચનો બોજો સંપૂર્ણપણે પતિનાં શિરે હોય છે. નહીં કે પત્નીના. શરીઅતનાં પાયાનાં આધારોમાં ક્યાંય એવી દલીલ જોવા મળતી નથી જેના આધારે ઘર ગથ્થુ સાધન સામગ્રી પૂરી પાડવાની જવાબદારી પત્નીની ઠેરવી શકાય અને દલીલ વિના કોઈ જવાબદારી પુરવાર થતી નથી. પ્રવર્તમાન દહેજ તો એક બદી છે, જેણે સમાજનો ભરડો લીધો છે. તેના પરિણામે સમાજને અનેક પ્રકારનું નુકસાન થઈ રહ્યું છે. હવે દહેજ માત્ર ઘરની સાધન-સામગ્રી(અસાસુલ બૈત) નથી રહી બલ્કે શોષણ, ઉડાઉ ખર્ચ, દેખાડા અને પોતાની સર્વોપરિતાના પ્રદર્શનનું પ્રતીક બની ગયું છે. આમ પણ કહેવામાં આવે છે કે દહેજની માંગણી કરવી યોગ્ય નથી પરંતુ જો કોઈ પોતે જ દહેજ આપતું હોય અથવા ના પાડવા છતાં આપે તો તેમાં કોઈ વાંધો હોઈ શકે નહી. આ બાબત પણ યોગ્ય નથી. પ્રથમ તો આવું હોતું નથી. પરંતુ જો કોઈ વ્યક્તિ આમ કહે પણ છે કે હું દહેજ લઈશ નહી અને જ્યારે મળે તો લઈ લે અને તે પણ એવી રીતે જાણે કે તેમણે તેની માંગણી કરી હોય. પરંતુ લગ્ન વિવાહમાં દહેજનું ચલણ હોવાના કારણે એને શરત-વ્યવસ્થા તરીકે ગણવું જોઈએ. જે વસ્તુ પ્રચલિત હોય તેનો જો ઉલ્લેખ ન પણ કરવામાં આવે તો પણ તે ઉલ્લેખ કરવા સમાન જ છે. દહેજ લેનારાઓની જવાબદારી છે કે તે કુપ્રથા-રિવાજને નાબૂદ કરવા દહેજ લેવાનું સંપૂર્ણપણે બંધ કરી દે. આ તેમનું દીની કર્તવ્ય છે અને નૈતિક જવાબદારી પણ છે. દહેજની નાબૂદી હકીકતમાં તો એક દૂષણને ખતમ કરવા સમાન છે. તેથી તેની નાબૂદી માટે શક્ય હોય તેટલા પ્રયત્ન કરવા જરૂરી છે.

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

**રોઝા : ૧૮ સોમવાર**

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૧૦-૦૪-૨૦૨૩ થી ૧૬-૦૪-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

| મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ | વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર | મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ | કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર | સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય | કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ |
|---|---|---|---|---|---|
| આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું. | આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ. | આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે. | આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતનો તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને. | આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે. મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. | આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય. |

| તુલા : ર.ત. સ્વામિ - શુક્ર | વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ | ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ | મકર : ખ.જ. સ્વામિ - શની | કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ - શની | મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ |
|---|---|---|---|---|---|
| આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડું અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે. | આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે. | આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલ મળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને. | આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારો એવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે. | આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય. | આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. |

# રાજ્યમાં માવઠાની શક્યતાઓ વચ્ચે આગામી દિવસોમાં ગરમીનો પારો વધવાની આગાહી

## આગામી બે માસ દરમ્યાન અસહ્ય ગરમીના પ્રકોપ માટે તૈયાર રહેવાની આગાહી



ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના અનેક વિસ્તારોમાં હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર પથંકમાં વાદળછાયુવાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં વરસાદ થવાની શક્યતા છે. સાથે જ રાજયમાં ૨થી ૩ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શકયતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, ગુજરાતમાં ૮ એપ્રિલથી ૧૨ એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના અમુક જિલ્લાઓમાં વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે એમ પણ જણાવ્યું છે કે, આગામી ચાર દિવસ દરમ્યાન ગુજરાતના તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. અગાઉ હવામાન વિભાગે માવઠું ન પડવાની શક્યતા વ્યક્ત કર્યા બાદ હવે ફરીથી માવઠું થવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યના અરવલ્લી, સાબરકાંઠા, મહીસાગર, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, રાજકોટ, પોરબંદર સહિતના જિલ્લાઓમાં આવતીકાલે હળવો વરસાદ કે પછી ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગદ્વારા કરવામાં આવી છે. ૯ એપ્રિલના રોજ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વાતાવરણ શુષ્ક રહેશેતેમ હવામાન વિભાગે જણાવ્યું છે. જ્યારે ૧૦-૧૧ એપ્રિલે સુરત, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભાવનગર સહિતના જિલ્લાઓમાં હળવોથી ભારે વરસાદ થવાની શકયતા હવામાન વિભાગે જણાવી છે. ગુજરાતના કેટલાક ભાગોમાં તા.૧૧-૧૨ એપ્રિલે પણ વરસાદ થવાની સંભાવના છે. જેમાં પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, આણંદ, ગીર-સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં વરસાદ પડી શકેછે. બીજી તરફ હવામાન વિભાગે ગુજરાત માટે નવી આગાહી પણ કરી છે. આ વર્ષે ઉનાળામાં માથું ફાડી નાંખે તેવી અસહ્ય ગરમી પડશે અને એ માટે લોકોએ તૈયાર રહેવું પડશે. તેમજ એપ્રિલ-મે દરમ્યાન પારો ૪૪થી ૪૫ ડિગ્રી પહોંચી શકે છે, જેથી મે મહિનામાં સૌથી વધુ લુ વાળા પવનો ફૂંકાશે. ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ આ અંગે માહિતી આપી છે, તેમણે જણાવ્યું કે, આવતીકાલથી કમોસમી વરસાદની સંભાવના નહિવત્ છે. સાયક્લોનિક સિર્ક્યુલેશન સાઉથ રાજસ્થાન તરફ જતા ગુજરાત માટે પણ આ રાહતના સમાચાર કહી શકાય. સૌરાષ્ટ્રમાં સામન્ય વરસાદની સંભાવના છે. પરંતુ આ બાદ તાપમાનનો પારો ઊંચકાવાની શરૂઆત થશે. ગરમી વિશે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ગુજરાતના મોટાભાગના શહેરોમાં તાપમાન ૩થી ૪ ડિગ્રી વધશે. આગામી દિવસોમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે. અમદાવાદ અને ગાંધીનગરમાં આગ ઝરતી ગરમીનો પ્રકોપ જોવા મળશે. વિન્ડ પેટર્નમાં પણ ફેરફાર થશે અને તેની હવામાન ઉપર અસર વર્તાશે. ત્યારબાદ બધી બાજુ ગુજરામાં સતત ગરમીનું પ્રમાણ વધશે.

# ગુજરાતમાં કોરોનાને લઈ હવે લોકોને સાવચેત રહેવા સરકારની સૂચના !

## રાજ્યમાં XBB 1.6 સબ વેરિયન્ટનો ફેલાવો, જો કે અત્યારે ઘાતક દેખાતો નથી : આરોગ્ય મંત્રી



ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર ધીમે ધીમે વધી રહ્યો છે. ત્યારે લોકોને સાવચેતી રાખવા માટે કહેવામાં આવી રહ્યું છે. પરંતુ હાલ કોઈ સિરીયસ લઈ રહ્યું નથી. બીજી બાજુ કોરોના વાયરસના કેસ વધતાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા એક મહત્ત્વર્ણ નિવેદન આપવામાં આવ્યું છે. કેન્દ્રની વર્ચ્યુઅલ બેઠક બાદ આરોગ્ય મંત્રીએ લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે. કોરોના વાયરસ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, દેશ અને રાજયમાં કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. હાલ રાજયમાં ૨૧૪૧ કોરોનાના એક્ટિવ કેસ છે. આ તમામ કોરોના કેસ XBB 1.6 સબ વેરિયન્ટના જોવા મળી રહ્યા છે. બીજી બાજુ ૧૦-૧૧મીએ રાજ્યની કોરોના હોસ્પિટલમાં મોકડ્રીલ કરાશે અને રાજયમાં કોરોનાના કેસ વધશે તો પણ આરોગ્ય વિભાગ કેટલું તૈયાર છે તેની ખાતરી કરાશે. આ સિવાય હોસ્પિટલોમાં ઓક્સિજન, વેન્ટીલેટર, દવાનો જથ્થોની માહિતી મેળવવા માટે આવશે. ગત અઠવાડિયા કરતાં આ અઠવાડિયામાં કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ તેમ છતાં સરકાર કોઈ બાંધછોડ કરવા માંગતી નથી. તેમણે ઉમેર્યુ હતું કે, ભારત દુનિયામાં કોરોના બાબતે સતર્ક છે. ગુજરાતમાં અત્યારે XBB1.6 વેરિઅન્ટનો સબ વેરિઅન્ટ છે, તે અત્યારે ઘાતક દેખાતો નથી. પરંતુ XBB1.6નો ફેલાવો વધારે છે. કોમોર્બીડ દર્દી અને સિનિયર સિટિઝનઓ ઉપર વિશેષ ધ્યાન આપવું તેવી મહત્ત્વની સૂચના કેન્દ્રીય આરોગ્ય મંત્રી દ્વારા આપવામાં આવી છે. આ સિવાય તેમણે જણાવ્યું કે, ઉંમરલાયક વ્યક્તિઓમાં જો કોરોનાના લક્ષણો જણાય તો કોરોના ટેસ્ટ કરાવી તાત્કાલિક સારવાર શરૂ કરાવી દેવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં કોરોના કેસ વધતાં વેક્સિનેશન ઉપર ભાર મૂકવામાં આવી રહ્યું છે. પરંતુ હાલ ગુજરાતના મોટાભાગના જિલ્લા પાસે વેક્સીનનો પૂરતો જથ્થો નથી, જેથી કેન્દ્ર પાસે વેક્સીનની માંગણી કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર તરફથી ટૂંક સમયમાં વેક્સીન પણ મળી જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સહિત દેશમાં કોરોના કેસ વધતા કેન્દ્ર સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ મહત્ત્વની બેઠક બોલાવી હતી. જેમાં તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ વર્ચ્યુઅલી સામેલ થયા હતા. આ બેઠકમાં આરોગ્ય વિભાગ, નીતિ આયોગ, NTAGIના અધિકારીઓએ પણ ભાગ લીધો હતો. આ બેઠકમાં કોરોનાની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ નવા વેરિઅન્ટને ફેલાવતા અટકાવવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠક પૂર્ણ થયા બાદ ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ નિવેદન આપ્યું હતું.

# અયોગ્ય દરોડા અને ધરપકડો સાથે ભારતમાં પ્રેસની સ્વતંત્રતા ઘટી રહી છે

નવી દિલ્હી, તા.૧૦

ગયા નવેમ્બરમાં યુટ્યુબ વીડિયોમાં રવીશકુમારે જાહેર કર્યું કે, મેં રાજીનામું આપ્યું છે અને તમે મને હવે NDTV ઉપર 'હેલો, હું છું' કહેતા સાંભળશો નહીં' અને તેની સાથે નવી દિલ્હી ટેલિવિઝનનો લાંબા સમયનો ચહેરો જે ભારતની સૌથી જૂની સમાચાર પ્રસારણ ચેનલો પૈકી એક છે, તેમણે તેમનું પદ છોડ્યું હતું. ૪૮ વર્ષીય રવીશ ૨૬ વર્ષથી NDTV સાથે હતા. તેમના રાજીનામાના સમયે તેઓ સમાચાર આઉટલેટમાં વરિષ્ઠ એક્ઝિક્યુટિવ એડિટર હતા, જે સરકારી નીતિઓ અને નાગરિકોના અવાજોના ઉગ્ર અને વિવેચનાત્મક કવરેજ માટે જાણીતા હતા. પરંતુ ગયા ઓગસ્ટથી જ્યારે ગૌતમ અદાણીએ ટેકઓવરમાં આ ચેનલને હસ્તગત કરવાના તેમના પગલાની જાહેરાત કરી, ત્યારે ન્યૂઝરૂમમાં ચિંતા વધી હતી. ભારતીય પત્રકાર રવીશ કુમાર ભારતની સૌથી જાણીતી ટીવી વ્યક્તિઓ પૈકી એક છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના નજીકના સંબંધો ધરાવતા બિઝનેસે તેમની પ્રેસસ્વતંત્રતાઓને છીનવી લીધી છે, તેણે ચેનલ હસ્તગત કરવાની તેમની હિલચાલની જાહેરાત કર્યા પછી NDTV ચેનલમાંથી રાજીનામું આપ્યું હતું. અદાણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે નજીકથી સંકળાયેલા છે, તે અમદાવાદ સ્થિત અદાણી જૂથના સ્થાપક છે, જે ભારતના સૌથી મોટા પોર્ટ ઓપરેટર અને કોલસાના સૌથી મોટા વેપારી છે. હિન્ડનબર્ગ રિસર્ચના તાજેતરના અહેવાલ પછી અદાણી ગ્રુપની કંપનીઓ ઉપર દાયકાઓથી સ્ટોક મેનીપ્યુલેશન અને એકાઉન્ટિંગ છેતરપિંડીનો આરોપ મૂક્યા પછી વડાપ્રધાને પોતાને ઉદ્યોગપતિના વિવાદોથી દૂર કરવાનો પ્રયાસ કર્યો છે અને અદાણીએ આ ગેરરીતિનો ઈન્કાર કર્યો છે. અદાણીએ કહ્યું હતું કે, એનડીટીવી તેની માલિકી હેઠળ સ્વતંત્ર રહેશે અને જ્યારે સરકાર કંઈક ખોટું કરશે ત્યારે સરકારની ટીકા કરશે. પરંતુ તેના ટીકાકારોને તેનો વિશ્વાસ નથી. સોમદીપ સેન કહે છે કે, અદાણીની મોટાભાગની સંપત્તિ વડાપ્રધાન સાથેના સમસ્યારૂપ સંબંધોનું સીધું પરિણામ છે. તેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, અદાણીની માલિકીની ચેનલ મોદી-અદાણી સંબંધોને જાળવી રાખવા માટે કામ કરશે. ભારતમાં અન્ય અધિકારો સાથે પ્રેસની સ્વતંત્રતા ઓછી નવાઈ રહી છે. મીડિયા આઉટલેટ્સ ઉપર આ સમૂહનું ટેકઓવર ભારત માટે વિશિષ્ટ નથી. પરંતુ નવી દિલ્હી સ્થિત ઈતિહાસકાર મુકુલ કેસવન, જેઓ સ્વતંત્ર પત્રકાર પણ છે, તે કહે છે કે, મોદી સરકારના સહયોગીઓ દ્વારા ભારતીય મીડિયા ટેકઓવર એ અસ્વસ્થતાના લક્ષણ છે જે અધિકારો માટે જોખમ ઊભું કરે છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના જણાવ્યા અનુસાર, ભારતીય સત્તાવાળાઓ અભિવ્યક્તિની સ્વતંત્રતા ઉપર વધુને વધુ ગેરકાયદેસર અને રાજકીય રીતે પ્રેરિત નિયંત્રણો લાદી રહ્યા છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલને પણ મોદીની સરકાર દ્વારા જ નિશાન બનાવવામાં આવ્યું હતું અને ૨૦૨૦માં તેની ભારતમાં કામગીરી બંધ કરવાની ફરજ પડી હતી. આ અધિકાર સંગઠને વારંવાર સત્તાવાળાઓ દ્વારા પત્રકારોને નિશાન બનાવવાનો આરોપ મૂક્યો છે, જેમાં અસંમતિ સાથે ભારત સરકારની ટીકા કરતા પત્રકારોને ધમકાવવા, હેરાન કરવા અને દુર્વ્યવહાર કરવા હિન્દુ રાષ્ટ્રવાદીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ૨૦૧૪માં મોદી વડાપ્રધાન બન્યા પછી તરત જ NDTVના સૌથી મોટા હરીફ નેટવર્ક ૧૮, મુકેશ અંબાણી દ્વારા હસ્તગત કરવામાં આવ્યું, જે મોદીના અન્ય એક અબજોપતિ સાથી છે. ત્યારથી અંબાણી ઓછામાં ઓછા ૮૦૦ મિલિયન દર્શકોના સંયુક્ત સાપ્તાહિક પ્રેક્ષકો સાથે દેશભરમાં ૭૦થી વધુ આઉટલેટ્સના બોસ બન્યા છે. કેસવન કહે છે કે, મોટાભાગના ભારતીય મીડિયા ગૃહો હિંદુ રાષ્ટ્રવાદી સરકારના બચાવકર્તા બની ગયા છે. જો આ વલણ ચાલુ રહેશે, તો ભવિષ્યમાં તે ભારતીય લોકશાહી માટે ભયંકર બની શકે છે. ભારત સરકારે તાજેતરમાં બીબીસી ઉપર પણ નિશાન સાધ્યું હતું. ભારતના કર સત્તાવાળાઓએ દિલ્હી અને મુંબઈમાં બીબીસીની ઓફિસો ઉપર દરોડા પાડ્યા અને ત્રણ દિવસની શોધખોળ બાદ બ્રિટિશ બ્રોડકાસ્ટર ઉપર કરચોરીનો આરોપ લગાવ્યો હતો. બીબીસીએ મોદીની ટીકા કરતી ડોક્યુમેન્ટરી દર્શાવી હતી. સરકારે બીબીસી ડોક્યુમેન્ટરીને ભારતમાં પ્રસારિત કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો અને ટ્વિટર અને યુટ્યુબને ક્લિપ્સ દૂર કરવા દબાણ કરવા માટે કટોકટી કાયદાનો ઉપયોગ કર્યો હતો. સરકાર તરફી મીડિયા આઉટલેટ્સ બીબીસીની વિશ્વસનીયતા ઉપર શંકા કરે છે. સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તાએ બીબીસીને સૌથી ભ્રષ્ટ સંસ્થા તરીકે ઓળખાવ્યું હતું. ભારતના વિદેશપ્રધાન એસ. જયશંકરે આ દસ્તાવેજી ફિલ્મ રિલીઝના સમય ઉપર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને આરોપ મૂક્યો હતો કે આ દસ્તાવેજી ભારત અને તેના વડાપ્રધાનની ઉગ્રવાદી છબિ દર્શાવવાના પ્રયાસનો એક ભાગ હતો. પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, આ દરોડા બદલાની ભાવના સાથે પાડવામાં આવ્યા હતા. દિલ્હી સ્થિત મીડિયા વિવેચક જ્યોતિ મલ્હોત્રા કહે છે કે, ભારતમાં દરેક વ્યક્તિ જાણે છે કે, ટેક્સના દરોડાનો અર્થ શું છે. ભારતની પ્રેસ સ્વતંત્રતા રેન્કિંગમાં પણ ઘટાડો થયો છે.

# ૭૪ ટકા ભારતીયો વ્યક્તિગત નાણાંકીય સ્થિતિ વિશે ચિંતિત : રિપોર્ટ

## ૬૩ ટકા ભારતીયો પોતાના બિનજરૂરી ખર્ચમાં સંપૂર્ણ રીતે ઘટાડો કરી રહ્યા છે : PwC ગ્લોબલ કન્ઝ્યૂમર ઈનસાઈટ્સ પલ્સ ૨૦૨૩નો રિપોર્ટ




નવી દિલ્હી, તા.૧૦

એક નવા અહેવાલમાં જાણવા મળ્યું છે કે, લગભગ ૭૪ ટકા ભારતીયો તેમની વ્યક્તિગત નાણાકીય પરિસ્થિતિ વિશે ચિંતિત છે, જ્યારે વૈશ્વિક સ્તરે ૫૦ ટકા આનો સામનો કરે છે, બીજી તરફ ૬૩ ટકા ભારતીય ગ્રાહકો બિન-જરૂરી ખર્ચમાં સંપુર્ણ ઘટાડો કરી રહ્યા છે. પીડબ્લ્યૂસી ગ્લોબલ કન્ઝ્યુમર ઈનસાઈટ્સ પલ્સના ૨૦૨૩ના રિપોર્ટ મુજબ મોટાભાગના ભારતીય ગ્રાહકો આગામી છ મહિનામાં સર્વેક્ષણ કરાયેલ તમામ શ્રેણીઓમાં તેમના ખર્ચમાં ઘટાડો કરવાની અપેક્ષા છે, જૂન ૨૦૨૨માં અગાઉના પલ્સ સર્વેક્ષણ પછી તમામ શ્રેણીઓમાં આયોજિત ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પીડબ્લ્યૂસીના રિટેલ અને કન્ઝ્યૂમરના ભાગીદાર તથા નેતા રવિ કપૂરે કહ્યું કે, 'ગ્રાહકો ખર્ચ ઘટાડવા, આવક વધારવા અને 'સ્થાનિક જવા' માટે બ્રાન્ડ્સ માટે કામમાં કાપ મૂકવાની સાથે ભૌતિક અને ડિજિટલ બંને ચેનલોમાં વિશ્વ-વર્ગના ખરીદીના અનુભવો કાપ મૂકવાનું ચાલુ રાખી રહ્યા છે. ડિજિટલ ચેનલો અપનાવવામાં અને આવનારા મહિનાઓમાં મુસાફરી ઉપર વધુ ખર્ચ કરવાની ઈચ્છામાં અસંદિગ્ધ વૃદ્ધિ છે.' તદુઉપરાંત, અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, લક્ઝરી અને પ્રીમિયમ ઉત્પાદનો, મુસાફરી અને ફેશન સહિતના ઉદ્યોગો આગામી છ મહિનામાં ગ્રાહક ખર્ચમાં સૌથી વધુ ઘટાડો જોવાની અપેક્ષા છે, જ્યારે કરિયાણામાં સૌથી ઓછો ઘટાડો થવાની ધારણા છે. લગભગ ૪૭ ટકા ભારતીય ગ્રાહકો કહે છે કે, તેઓ એવા રિટેલર્સ સાથે ખરીદી કરશે જે ફ્રી/ ડિસ્કાઉન્ટેડ પ્રોડક્ટ ડિલિવરી ઓફર કરે છે. ખર્ચમાં આયોજિત કાપ અને પડકારજનક આર્થિક પરિસ્થિતિ હોવા છતાં, ભારતીય ગ્રાહકો કહે છે કે, તેઓ હજુ પણ ટકાઉ ઉત્પાદનો માટે વધુ ચૂકવણી કરવા તૈયાર છે. ૮૮ ટકાથી વધુ ઉત્તરદાતાઓએ કહ્યું કે, તેઓ સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા સ્ત્રોતમાંથી બનાવેલ, રિસાયકલથી બનેલ, ટકાઉ અથવા ૮૭ ટકા પર્યાવરણને અનુકૂળ વસ્તુઓ અથવા ૮૭ ટકા નૈતિક પ્રથાઓ માટે પ્રતિષ્ઠા ધરાવતી કંપની દ્વારા ઉત્પાદિત ઉત્પાદન માટે વધુ ચૂકવણી કરવા તૈયાર છે.

# રાજ્યમાં કૃષિ જોડાણોમાં હવે ખેડૂતોને ફિક્સ કનેક્શન ચાર્જમાંથી અપાઈ મુક્તિ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. સરકારે ખેડૂતોનો ફિક્સ કનેક્શન ચાર્જમાંથી મુક્તિ આપી છે. એટલે કે, કૃષિ વીજ જોડાણોને લઈ સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે.

કૃષિ વીજ જોડાણો બાદ ફિક્સ કનેક્શન ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે. ખેડૂતોને લોડ વધારાની અરજી બાદ વસૂલાતી ફિક્સ ચાર્જની રકમમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત સ્વૈચ્છિક જાહેરાત યોજનાની સમય મર્યાદામાં પણ વધારો કરાયો છે. સારકારના આ નિર્ણય બાદ હવેથી ગુજરાતના ખેડૂતોએ લોડ વધારાની અરજી બાદ માત્ર ડિપોઝીટ જ ચૂકવવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેતી માટે વીજ કનેક્શન ધરાવતા ખેડૂતોએ હવે વધારાના વીજ લોડ ઉપર દંડ નહીં ભરવો પડે. હવે સ્થળ ઉપર જ પૈસા ભરીને વીજ લોડ પણ વધારી શકાશે. ગુજરાત સરકાર સમક્ષ કિસાન સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે સરકારે આ નિર્ણય લીધો છે અને રાજ્યના અનેક ખેડૂતોને ખેતી માટે મોટી રાહત મળી છે. બીજી તરફ સરકારે સ્વૈચ્છિક જાહેર યોજનાની સમય મર્યાદા વધારવામાં આવી છે. આ યોજનાની મુદત ૩૧ મે ૨૦૨૩ સુધી લંબાવાઈ છે. કિસાન સંઘની રજૂઆત ઉપર સરકારે આ નિર્ણય લીધો છે. જેને લીધે ખેડુત વર્ગમાં ભારે ખુશી જોવા મળે છે.

# RTEમાં આ વર્ષે ૮૨ હજારથી વધુ બેઠકો ઉપર પ્રવેશ અપાશે

## ગત વર્ષની સરખામણીમાં આ વખતે ૧૧ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓને RTEમાં પ્રવેશ મળશે

અમદાવાદ, તા.૧૦

RTE હેઠળ ખાનગી સ્કૂલોમાં ધોરણ-૧માં પ્રવેશ માટે આ વર્ષે ૮૨ હજાર કરતા વધુ બેઠકો નક્કી કરવામાં આવી છે. ગતવર્ષાની સરખામણીમાં આ વખતે ૧૧ હજાર વધુ વિદ્યાર્થીઓને RTEમાં પ્રવેશ મળશે. ગતવર્ષે ૭૧ હજારથી વધુ બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તાજેતરમાં RTEમાં પ્રવેશ માટેની સત્તાવાર જાહેરાત કરી હતી. જેમાં ૧૦ એપ્રિલથી વાલીઓ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ કરી શકશે. RTEમાં આ વખતે રાજ્યની ૯૮૫૫ જેટલી સ્કૂલોની ૮૨,૫૦૦ જેટલી બેઠકો ઉપર ધોરણ-૧માં પ્રવેશ ફાળવવામાં આવશે. RTEની પ્રવેશ કાર્યવાહી માટે ખાનગી સ્કૂલોની ધોરણ-૧ની કુલ બેઠકોની ૨૫ ટકા જેટલી બેઠકો અનામત રાખવામાં આવતી હોય છે. આ વખતે RTEની બેઠકમાં વધારો થયો હોવાનું જાણવા મળે છે. ગતવર્ષે એટલે કે, ૨૦૨૨માં ઈઈની કુલ ૭૧,૩૯૬ જેટલી બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જો કે, આ વખતે RTEની બેઠકોમાં ૧૧ હજાર જેટલો વધારો થયો છે અને ૮૨,૫૦૯ જેટલી બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવનાર છે. ગતવર્ષે ૭૧ હજાર કરતા વધુ બેઠકો માટે હાથ ધરાયેલી પ્રવેશ કાર્યવાહીમાં ૨ લાખ કરતા વધુ વાલીઓએ પ્રવેશ માટે ફોર્મ ભર્યા હતા. ત્યારબાદ સ્ક્રુટીની પછી ૧,૭૬,૪૧૪ જેટલી અરજીઓ માન્ય રહી હતી. ગતવર્ષે RTEની મોટાભાગની બેઠકો ઉપર પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો હોવાના દાવા કરાયા હતો.

### કોરોનાની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરતા કેન્દ્રીય આરોગ્ય મંત્રી

# કોરોનાના સબ વેરિયન્ટ XBB 1.16ના સંક્રમણથી હોસ્પિટલમાં દાખલ થવાનો અને મૃત્યુ દર નહિવત

ગાંધીનગર, તા.૧૦

વિશ્વ સ્વાસ્થ્ય દિવસ ૭મી એપ્રિલે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમા કોરોનાની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ સમીક્ષા બેઠકમાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈને રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગેનો ચિતાર રજૂ કર્યો હતો. આ બેઠકમાં વિશ્વમાં કોરોનાના XBB 1.16 સહિતના વિવિધ સબ વેરિયન્ટની અસરોને પગલે વિસ્તૃત ચર્ચા હાથ ધરીને ભારતમાં તેની અસરો ઉપર રીવ્યુ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક તારણમાં જાણવાં મળ્યું કે, XBB 1.16 સ્વરૂપની ઘાતકતા દેશમાં ઓછી છે. આ વેરિયન્ટથી સંક્રમિત દર્દીઓમાં હોસ્પિટલમાં દાખલ થવાનો દર અને મૃત્યુ દર નહિવત છે. કોમોર્બિડ, સિનિયર સિટીઝન અને કિડની, કેન્સર જેવી ઈમ્યુનો કોમ્પ્રોમાઈઝ બીમારી ધરાવતા દર્દીઓએ જરૂરથી આ સંક્રમણથી તકેદારી અને સાવચેતી રાખવાની જરૂર છે. રાજ્ય આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ બેઠકમાં થયેલ સમીક્ષામાં ગુજરાતમાં કોરોનાની સ્થિતિ અને આગામી આયોજન સંદર્ભે જણાવ્યું હતુ કે, ગુજરાત પ્રતિમિલિયન કોરોના ટેસ્ટિંગમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. હાલ રાજયમાં પ્રતિદિન ૨૦થી ૨૨ હજાર જેટલા કોરોના ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યા છે. તેમજ કોરોના સંક્રમિત દર્દીઓના જીનોમ સિકવન્સીંગ પણ કરાઈ રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. વહેલા નિદાન અને સમયસર સારવારને કારણે હોસ્પિટલાઈઝેશન દર ૩% કરતાંપણ ઓછો હોવાનું મંત્રીએ ઉમેર્યુ હતું. આરોગ્ય મંત્રી ઋષિકેશપટેલે કારોનાસામેની લડતમાટેનસજજતામાં જણાવ્યું હતું કે, રાજ્યની તમામ સરકારી ખાનગી હોસ્પિટલોમાં ૧૦અને ૧૧ એપ્રિલે મોકડ્રીલ યોજવામાં આવનાર છે. જેમાં હોસ્પિટલ્સમા ઓક્સિજન, વેન્ટિલેટર, દવાના જથ્થા સહિતની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવશે. રાજયભરમાં ટેસ્ટ -ટ્રેક- ટ્રીટમેન્ટના આધારે કોવિડના કેસો કે શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિઓને વહેલા નિદાન અને સમયસર સારવારની વ્યવસ્થા આરોગ્ય વિભાગે ગોઠવી છે. આયુર્વેદિક વિભાગ દ્વારા પણ ઉકાળા વિતરણ અને હોમિયોપેથી દવાનું વિતરણ રાજ્યમાં કરવામાં આવે છે. ઉંમરલાયક વ્યક્તિઓ અને દર્દીઓએ જાહેર ભીડભાળવાળી જગ્યાએ ન જવા અને માસ્ક પહેરવું, ઉધરસ કે છીંક ખાતી વખતે મોં આગળ રૂમાલ રાખવો તેમજ વારંવાર હાથ ધોવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો અને જાહેર સ્થળોએ થૂંકવું નહીં જેવી બાબતો અંગે લોકજાગૃતિ કેળવવા આરોગ્યમંત્રીએ રાજ્યની જનતાને અનુરોધ કર્યો છે. આ બેઠકમાં દેશના વિવિધ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશના આરોગ્ય મંત્રી, રાજ્ય આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, કમિશ્નર શાહમિના હુસેન અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તાલાલાના વાડલા ખાતે રસુલપરા જુથ પાણી પુરવઠા યોજનાનું મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે લોકાર્પણ

## અંદાજીત કુલ રૂા. ૯ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થયેલ યોજનાનો પાંચ ગામના ૧૫ હજારથી વધારે લોકોને મળશે લાભ






વેરાવળ, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના વાડલા ખાતે અંદાજે રૂ.૯ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થયેલ રસુલપરા પાણી પુરવઠા જૂથ યોજનાનુ જળ સંપત્તિ અને પાણી પુરવઠા અન્ન ,નાગરિક પુરવઠામંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે અને ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડની પ્રેરક ઉપસ્થિતીમાં લોકાર્પણ કરવામા આવ્યુ હતુ. આ યોજનાનો ગીર પંથકના જંગલની બોર્ડર ઉપર છેવાડે આવેલા આંકોલવાડી, રસુલપરા, બામણાસા, મંડોરણા અને વાડલા આ પાંચ ગામના ૧૫ હજારથી વધુ લોકોને લાભ મળશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ પૂર્વ ધારાસભ્યશ્રી સ્વ.જશુભાઈ બારડને યાદ કરતા જણાવ્યું હતું કે, સૌના સહિયારા પ્રયાસોને કારણે રસલપુરા જૂથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ થયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ સાથે આવનાર સમયમા એક પણ ગામડુ કે ઘર પીવાના પાણીથી વંચિત ના રહે તે દિશામાં આપણા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત કાર્યશીલ છે. છેવાડાના ગામડાઓમાં પણ પાણીની સમસ્યા ના રહે તે માટે વિવિધ યોજનાઓના માધ્યમથી રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. ઉપરાંત જળ અભીયાન સુજલામ સુફલામ અંતર્ગત તળાવચેક ડેમ રિપેર તેમજ ઊંડા કરવાની કામગીરી એનજીઓ તથા નોડલ અધિકારીશ્રીના મારફતે થઈ રહી હોય ત્યારે અને આ અભિયાનમાં સૌને જોડાવા અપીલ કરી હતી. તેમજ મંજૂર થયેલા કામો પરથી કાપ અને તાસને ખેડુતો પોતાના ખેતરમા લઈ જઈ શકશે. તદુપરાંત જણાવ્યું હતું કે, ગામડાઓમાં આંતરિક પીવાના પાણી માટે વાસ્મો દ્વારા વિવિધ યોજનાઓથી ઘરે ઘરે પાણી મળી રહ્યું છે અને આવનારા સમયમા જિલ્લાના વિવિધ ગામડાઓને પણ વિવિધ યોજનાઓ નીચે આવરી અને પીવાની પાણીની સમસ્યાને હલ કરવામાં આવશે. તેમજ દરિયાકાંઠાના ગામડાઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી પીવાના પાણીની સમસ્યા હલ થાય તે માટે રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. ગીરની પાણીની પરિસ્થિતિની વાત કરતા જણાવ્યુંહતું કે, આવનારી પેઢીને ધ્યાને લેતા આપણે અત્યારથી પાણીનો ઓછો વેડફાટ કરવો જોઈએ અને સાથે સાથે પર્યાવરણનું પણ જતન કરવું જોઈએ.આપણે સૌએ પાણીનો વેડફાટ ના કરી અને સાચવીને ઉપયોગ કરવા તેઓ શ્રીએ અનુરોધ કર્યો હતો.

સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન શ્રીએ લાઈટ પાણી અને રસ્તા ત્રણ ક્ષેત્રમાં કાર્યને વધારે મહત્વ આપ્યુ છે. અને તે ગુજરાત અને ગામડાનો વિકાસ કરવા માટે આ ત્રણ ક્ષેત્ર મહત્વના છે. સુજલામ સુફલામ યોજનાની વાત કરતા સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા અમલી આ યોજના લોકો માટે ખૂબ જ આશીર્વાદરૂપ પુરવાર થઈ છે.

આ તકે તાલાલાના ધારાસભ્યશ્રી ભગાભાઈ બારડે કહ્યું હતું કે, આ યોજના ઉનાળા પહેલા ચાલુ કરવા સરકારશ્રીમાં રજુઆત કરી હતી અને આજે આ યોજનાનું લોકાર્પણ થયુંછે. આવનારી પેઢી માટે પાણી બચાવવું જરૂરી છે ધારાસભ્ય શ્રી એ પાણીના મહત્વની વાત સમજાવતા કહ્યું હતું કે ગીરને બચાવવું હશે તો પાણીને બચાવવું પડશે.શાબ્દિક સ્વાગત પ્રવચન અધિક ઈજનેર શ્રી એમ.જી. શેખે અને વાસ્મોના કાર્યપાલક ઈજનેરશ્રી વી.વી. કારીયાએ આભાર વિધી કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પિઠીયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબહેન વાજા, પૂર્વ ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પરમાર, અધિક ઈજનેરશ્રી ભારતીબેન મિસ્ત્રી, સહિતના અધિકારીશ્રીઓ, પદાઅધિકારશ્રીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## મોદી સરકાર મેગા ટેક્સટાઈલ પાર્ક સ્થાપિત કરશે

નવીદિલ્હી,તા.૧૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએશુક્રવારે (૧૭માર્ચ) જાહેરાત કરી હતી કે દેશના ૭ રાજયોમાં ટેક્સટાઈલ પાર્ક સ્થાપવામાં આવશે. તેમણે કહ્યું છે કે પીએમ મિત્ર મેગા ટેક્સટાઈલ પાર્ક તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં બનાવવામાં આવશે. પીએમ મોદીએ ખુદ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમણે ટ્વીટમાં લખ્યું, "PM મિત્રા મેગા ટેક્સટાઈલ પાર્ક 5F (ફાર્મ ટુ ફાઈબર ટુ ફેક્ટરી ટુ ફેશન ટુ ફેશન ટુ ફોરેન) વિઝનને અનુરૂપ ટેક્સટાઈલ સેક્ટરને પ્રોત્સાહન આપશે. એ જણાવતા આનંદ થાય છે કે પીએમ મિત્રા મેગા ટેક્સટાઈલ પાર્ક તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, એમપી અને યુપીમાં સ્થાપવામાં આવશે." તેમણે વધુમાં કહ્યું કે, "PM મિત્ર મેગા ટેક્સટાઈલ પાર્ક ટેક્સટાઈલ સેક્ટર માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડશે, કરોડોનું રોકાણ પણ લાવશે અને લાખો નોકરીઓનું સર્જન કરશે. આ 'મેક ઈન ઈન્ડિયા' અને 'મેક ફોર ધ વર્લ્ડ'નું ઉત્તમ ઉદાહરણ હશે. બીજી તરફ, ટેકસટાઈલ મંત્રાલય વતી એવું કહેવામાં આવ્યું છે.

## રાજ્યના ખેડૂતોને રાહત આપતો નિર્ણય

# વીજ કનેક્શન ધરાવનારા ખેડૂતોને વધારાના વીજ લોડ પર દંડ નહીં ભરવો પડે



ગાંધીનગર, તા.૯

રાજ્ય સરકારે ખેડૂતોને વધારાના વીજ લોડના દંડમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે. ખેતી માટે વીજ કનેકશન ધરાવતા ખેડૂતોએ હવે વધારાના વીજ લોડ પર દંડ નહીં ભરવો પડે. હવે સ્થળ પર જ પૈસા ભરીને વીજ લોડ પણ વધારી શકાશે.ગુજરાત સરકાર સમક્ષ કિસાન સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે સરકારે આ નિર્ણય લીધો છે અને રાજ્યના અનેક ખેડૂતોને ખેતી માટે મોટી રાહત મળી છે. સ્થળ પર જ પૈસા ભરીને વીજ લોડ પણ વધારી શકાશે લોડ વધારાની અરજી બાદ ખેડૂતોને માત્ર ડિપોઝીટ ચુકવવાની રહેશે. ખેડૂતોને સ્થળ પર પૈસા ભરી લોડ વધારી અપાશે. અને લોડ વધારવા બાબતનો ચાર્જ વીજ કંપની ભોગવશે. બીજી તરફ સરકારે સ્વૈચ્છિક જાહેર યોજનાની સમય મર્યાદા વધારવામાં આવી છે. આ યોજનાની મુદત ૩૧ મે ૨૦૨૩ સુધી લંબાવાઈ છે. કિસાન સંઘની રજૂઆત પર સરકારે આ નિર્ણય લીધો છે.

# કર્મચારીઓની અછત સર્જાતા રશિયામાં ભારતીય યુવાઓ માટે લાલજાજમ

## રશિયા ઉત્તર કોરિયા સમક્ષ પણ અપીલ કરી ચુકયું છે , યુક્રેન સાથેના યુદ્ધને લીધે રશિયાની કફોડી સ્થિતિ


નવી દિલ્હી, તા.૧૦

રશિયા અને યુક્રેન વચ્ચેનો જંગ આખી દુનિયા માટે મુસિબત બનીને આવ્યો છે. જોકે ભારત પર તેની ખાસ અસર પડી રહી નથી. ઉલટાનુ ભારતને આ યુધ્ધના કારણે સસ્તા ભાવે ઓઈલ મળી રહ્યુ છે.

આ ઓઈલ પ્રોસેસ કરીને ભારત દુનિયાના બીજા દેશોને પણ વેચીને કમાણી કરી રહ્યુ છે. હવે ભારતના યુવાઓને પણ યુધ્ધના કારણે રશિયામાં રોજગારીની તકો મળે તેવા એંધાણ વરતાઈ રહ્યા છે. એક વર્ષના યુધ્ધમાં યુક્રેન તબાહ થઈ ગયુ છે પણ રશિયાને પણ ભારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. એક વર્ષમાં રશિયામાં પાંચ લાખ યુવાઓને સેનામાં જોડવામાં આવ્યા છે. ઉપરાંત એક વર્ષ કરતા વધારે સમયથી ચાલી આવતા યુધ્ધમાં ઘણા યુવાઓના મોત પણ થયા છે. આમ હવે રશિયામાં બીજા ક્ષેત્રોમાં કર્મચારીઓની અછત સર્જાઈ છે.

માનવ સંસાધનના સકટ વચ્ચે રશિયાએ ભારતના યુવાઓ માટે લાલ જાજમ બીછાવીને કહ્યુ છે કે, ભારતીય યુવાઓ રશિયામાં આવે અને કામ કરે. આ પહેલા યુવા કામદારો માટે રશિયા ઉત્તર કોરિયા સમક્ષ પણ અપીલ કરી ચુકયુ છે. રશિયાની સરકારનુ કહેવુ છે કે, અત્યારે ઘણા સેક્ટર એવા છે જ્યાં કુશળ કામદારોની અછત છે. ભારતીય યુવાઓની મદદથી રશિયા આ ખોટ પૂરી કરવા માંગે છે. ભારત સ્થિત રશિયન રાજદૂત ડેનિસ આઈલપોવનુ કહેવુ છે કે, ભારત અને રશિયા દ્વારા ભારતીય કર્મચારીઓને રશિયા તરફ આકર્ષિત કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેથી રશિયામાં ભારતીય લોકોને કામ કરાવનો મોકો મળી શકે. તેમણે કહ્યુ હતુ કે, બધા જાણે છે કે, રશિયા પાસે કામ કરનારો વર્કફોર્સ ઓછો છે અને ભારત યુવાઓનો દેશ છે. ભારતીય યુવાઓ અમેરિકા અને અખાતના દેશોમાં પહેલેથી કામ કરી રહ્યા છે. તેમના માટે રશિયામાં પણ તકો ઉભી થઈ શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, રશિયા હજી પણ લાખો યુવાઓની સેનામાં ભરતી કરવા માંગે છે. રશિયા યુક્રેન સાથે લાંબી લડાઈ લડવા માટે મકકમ છે તેવુ રશિયાના તેવર પરથી લાગી રહ્યુ છે.

# જીવનમાં ગુરૂજીનું મહત્વ



આપણાં શાસ્ત્રો તથા પુરાણોમાં ગુરૂજીની ભક્તિ તથા શક્તિ વિષે વિસ્તૃત છણાવટ કરેલી છે.આપણાં દરેક શાસ્ત્રોમાં ગુરૂનો મહિમા અનન્ય રીતે બતાવેલ છે. જેમ કોઈ ઓફિસમાં આપણે મોટા અધિકારીને મળવા જવું હોય તો, સૌ પ્રથમ આપણે તેના સેક્રેટરી કે આસિસ્ટન્ટને મળવું પડે છે, એવી જ રીતે પ્રભુનેપામવા હોય તો ગુરૂજીના શરણે જવું જ પડે છે અને ગુરૂ જ પોતાના જ્ઞાન થકી શિષ્યને પ્રભુ પાસે પહોંચવાનો માર્ગ બતાવે છે,જેમ આશરે આશરે સાસરે જઈ શકાતું નથી, તેવી જ રીતે ગુરૂજીના માધ્યમ વિના ઈશ્વરના દરબાર સુંધી પહોંચી શકાતું નથી. સાચો ગુરૂ જ પોતાના શિષ્યનો પથદર્શક અને માર્ગદર્શક બને છે.કહેવાય છે કે ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરૂઓ કર્યા હતા અને તે તમામ પાસેથી અવનવું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અકબરના દરબારના રત્ન સમાન તાનસેનજીએ હરિદાસ સ્વામીનેપોતાના ગુરૂ માન્યા હતાં શિવાજી મહારાજે સમર્થ શ્રી રામદાસ સ્વામીને પોતાના ગુરૂ પદે સ્થાપ્યા હતાં. ગુરૂ દ્રૌણાચાર્ય કૌરવો અને પાંડવોના ગુરૂ હતા.ઋષિ વશિષ્ઠ રામચંદ્રના ગુરૂજી હતા તો સાંદિપની ઋષિ ભગવાન શ્રીકૃષ્ણ તથા સુદામાના ગુરૂ હતા. આમ આપણે ઈતિહાસ તપાસીશું તો સમગ્ર ઠેકાણે આપણને ગુરૂનો ઉલ્લેખ જરૂરથી જોવા મળશે.જેમ વાડની સહાયતા વિના વેલો ચઢાવવો મુશ્કેલ છે એ રીતે ગુરૂજીના માધ્યમ અને સાંનિધ્ય વગર આગળ વધવું અઘરૂં હોય છે. ગુરૂ શિષ્યનો નાતો (સંબંધ) એટલો મજબૂત હોય છે કે એના માટે ગુજરાતી ભાષાના કવિ અખા ભગતેપોતાના એક છપ્પામાં લખ્યું છે કે

" ગુરૂ શિષ્યની તો એવી વાત, જેમ શુદ્ધ પારસને સઘળી વાત,
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઈ નિમડે".

અખા ભગતનો કહેવાનો ભાવાર્થ એ છે કે, ગમે તેવું કાચું લોખંડ હોય, પરંતુ તે સાચા પારસમણિના સંપર્કમાં આવવાથી શુદ્ધ સોનામાં પરિવર્તિત થઈ જાય છે,તેવી જ રીતે કોઈ અબુધ શિષ્ય પણ જો સાચા અને સારા ગુરૂજીના સંપર્કમાં આવે તો તે પણ બદલાઈને પરમહંસ કોટિ સુધી પહોંચી શકે છે.કબીરદાસજી પણ તેમના એક દોહામાં, આ વાત રજૂ કરતાં કહે છે કે " ગુરૂ ગોવિંદ દોનું ખડે,કાકે લાગૂ પાય, બલિહારી ગુરુ આપની, ગોવિંદ દીયો બતાય". અર્થાત ગુરૂજી તથા ખુદ ઈશ્વર બેઉ એક સાથે ઉભા હોય, તેમ છતાં,સાચો શિષ્ય તો ગુરૂજીને આદર આપી પ્રણામ કરશે અને ત્યારબાદ જ ગુરૂજી પોતે શિષ્યને પ્રભુના શરણમાં લઈ જશે.

ગુરૂજી પોતાના શિષ્યના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી તેના અંધકારમય જીવનમાં પ્રકાશ ફેલાવે છે. તો અન્ય એક કવિ કહે છે કે "બીન ગુરૂ જ્ઞાન કહાં સે પાઉં, દીજો દાન હરિ ગુન ગાઉં," મતલબ કે, હે ગુરુદેવ તમારી મદદ વગર, હું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કરી શકું? મને એવું દાન આપો કે જેના થકી, હું ભગવાનનાં ગુણગાન ગાતો રહું. ઈતિહાસમાં એકલવ્યની ગુરુભક્તિ અમર બની ગઈ છે, કારણકે દ્રોણાચાર્યે એકલવ્યને પ્રત્યક્ષ ધનુર્વિદ્યા શીખવી ન હતી, પરંતુ એકલવ્યએ ગુરુ દ્રોણની માટીની પ્રતિમા બનાવી, માટીની મૂર્તિની અંદર સાક્ષાત ગુરૂજી બિરાજમાન છે એવી અતૂટ શ્રદ્ધા થકી પોતાની મેળે જ જાણે મૂર્તિમાં રહેલાં ગુરૂજી પ્રેરણા આપતાં હોય તેમ ધનુર્વિદ્યામાં મહારથ હાંસિલ કરી હતી, છતાં પણ ગુરુદક્ષિણા આપવાના ભાગરૂપે, પોતાના જમણા હાથનો અંગૂઠો એકજ ઝાટકે કાપીને, પોતાના ગુરૂજીને અર્પણ કર્યો હતો.

ઉપરની બાબત સમજીને દરેક શિષ્યેપોતાના ગુરુજીનો આદર સત્કાર કરવો જોઈએ તથા એમની સેવા ચાકરી કરવી જોઈએ. શિક્ષક અને વિદ્યાર્થીનો નાતો પણ આવા જ પ્રકારનો હોય છે. સારો શિક્ષક ગમે તેવા અબુધ બાળકને પણ ગુણકારી અને સંસ્કારી બનાવી શકે છે.

- યોગેશભાઈ આર. જોશી (હાલોલ)

# એશિયન દેશોમાં પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણના પગલે જીવનશૈલી અને ખાનપાનમાં મોટું પરિવર્તન આવ્યું

ભારત સહિત એશિયન દેશોમાં પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણના પગલે જીવનશૈલી અને ખાનપાનમાં મોટું પરિવર્તન આવ્યું છે, જેના કારણે લોકોનું જીવન બેઠાડું થઈ ગયું છે. બેઠાડુ જીવન હોવાના કારણે લોકોને હાઈપર ટેન્શન જેવી વ્યાધિઓ સતાવવા લાગી છે.હાઈપર ટેન્શન જેવી ગંભીર બીમારી પ્રત્યે જો બેદરકારી સેવવામાં આવે તો દર્દીએ જીવ ગુમાવવો પડે છે. બ્લડપ્રેશરની સમસ્યા ત્યારે જ ઊભી થાય છે જયારે શરીરમાં લોહીનો સંચાર ઘટી જાય છે. લોહીનો સંચાર ઘટી જાય ત્યારે બીપી ઘટી જાય છે.

હાઈપર ટેન્શન અને તેના લક્ષણો વિશે આયુર્વેદ એક્સપર્ટની સલાહ જાણો સામાન્ય બ્લડ પ્રેશરમાં તંદુરસ્ત વ્યક્તિનું બ્લડ પ્રેશર સામાન્ય રીતે ૧૨૦/૮૦ એટલે કે ૧૨૦ ઉપરનું અને ૮૦ નીચેનું હોવું જોઈએ. ડોકટરો મુજબ હાલમાં ૧૪૦/૯૦ સુધીના બ્લડ પ્રેશરને સામાન્ય માનવામાં આવે છે. શું છે હાઈપર ટેન્શન?... તે જાણો.. જ્યારે ૧૪૦/૯૦ કરતાં વધી જાય ત્યારે હાઈબ્લડપ્રેશરને હાઈપર ટેન્શન કહેવામાં આવે છે. 'હાઈપર ટેન્શન' એક ગ્રીક શબ્દ છે. 'હાઈપર' એટલે ઊંચું. પ્રેશરનું ઉપર તરફ ખેંચાવું. તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. હાઈપર ટેન્શનમાં જોવા મળતા લક્ષણો જેમ કે બેચેનીનો અનુભવ થવો,ચક્કર આવવા,માથું ભારે લાગવું,ધબકારામાં વધઘટ થવી, છાતીમાં ભાર લાગવો,કાનમાં તમરા બોલવા, પગમાં સોજા ચડી જવા,જેવા લક્ષણો જોવા મળે છે. હાઈપર ટેન્શનમાં શરીર પર થતી અસર.... આંખનું હેમરેજ થવાની શક્યતા છે.સ્ટ્રોક આવવાથી પેરાલિસિસ થઈ શકે છે.કિડની ફેઈલ થવાની શક્યતા વધી જાય છે. હાર્ટ એટેક અને હૃદયના રોગ થઈ શકે છે. કાબુમાં રાખવા શું કરશો?... તે જાણો.. સમયસર દવા લેવી જોઈએ,કસરત કરવી જોઈએ,ભોજનમાં મીઠું ઓછું લેવું જોઈએ, બ્લડ પ્રેશરને કાબુમાં રાખવા નિયમિત પ્રેશર ચેક કરાવવાની સાથે સાથે આહારની ટેવોમાં પરિવર્તન લાવવું ખૂબ જ જરૂરી છે. આહારમાં તેલ, ઘી, ચીઝ, બટર, જેવા ખાદ્ય પદાર્થો લેવા જોઈએ નહીં.પૂરતી ઊંઘ લેવાની સાથે સાથે લીલા શાકભાજી, ફળોનું સેવન ભરપૂર પ્રમાણમાં કરવું જોઈએ.જો બ્લડ પ્રેસર પર કંટ્રોલ ન કરવામાં આવે તો કિડની ફેલ્યોર, પેરાલિસિસ, હાર્ટ એટેક,આંખને નુકસાન વગેરે જેવી સમસ્યા ઉત્પન્ન થઈ શકે છે. લોકોમાં એવી માન્યતા છે કે એક વખત હાઈપરટેન્શન થઈ ગયા બાદ તે ક્યારેય મટતો નથી. તેની કાયમ દવા લેવી પડે છે પણ હકીકતમાં એવું નથી.

હાઈપર ટેન્શન થવા પાછળના કારણો પણ ઘણાં બધાં છે. જેમ કે, સ્ટ્રેસફુલ લાઈફ, વધુ પડતી દવાઓનું સેવન કે પછી વધતી જતી ઉંમર વગેરે જવાબદાર હોય છે. એ પાછળના મુખ્ય કારણને શોધીને તેની સારવાર કરવામાં આવે તો મોટાભાગના કેસમાં હાઈપરટેન્શન પર કાબૂ મેળવી શકાય છે.

